# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૫ : અંક–૧૬૮ વર્ષ - ૧૫ : સપ્ટેમ્બર–૨૦૧૧

**ભાદરવા સુદ ૪, સોમવાર તા. ૩૦-૦૮-૧૯૬૫, પદ્મનંદી પંચવિંશતિ ગ્રંથના આલોચના અધિકારની ગાથા ૧ થી ૩૩ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન–૮**



આ એક 'પદ્મનંદિ આચાર્ય' લગભગ નવસો વર્ષ પહેલા દિગંબર મુનિ થયા છે. એણે જંગલમાં આલોચનાનો અધિકાર (લખ્યો છે). બહુ અધ્યાત્મ આલોચના છે. જાણે ભગવાનની સમીપે બેસીને પોતાના પરિણામને પરખતા હોય અને પોતાના કેવા પરિણામ છે તેને જોતા હોય એવી રીતે આલોચના કરી છે. આલોચવું એટલે જોવું. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમાં રાગાદિ કેટલો થયો, કેટલો ટળ્યો, એને એ ભૂમિકાને યોગ્ય રાગ કેમ ન થયો અથવા કેટલો થયો એનું જ્ઞાન કરવું અને વિચારીને વસ્તુમાં સ્થિર થવું એને આલોચના કહે છે.

**'ૐ શ્રી પદ્મનંદિ આચાર્ય વિરચિતા પદ્મનંદિ પંચવિંશતિઃકામાંથી,...'** છે છવ્વીસ અધિકાર. આલોચના નવમો અધિકાર છે. છવ્વીસ અધિકારમાં નવમો અધિકાર. **'હિન્દી પરથી ગુજરાતી અનુવાદ.'**

**શ્રી પદ્મનંદિ આચાર્યદેવ આદિમંગળથી...'** પહેલી માંગળીક શરૂ કરે છે. **'આલોચના અધિકારની શરૂઆત કરે છે.'**

**'અર્થ :– હે દેવ ! હે પ્રભુ ! જે સજ્જનોનું મન, આંતર અને બાહ્ય મનથી રહિત થઈને તત્ત્વસ્વરૂપ તથા વાસ્તવિક આનંદના નિધાન એવા આપનો આશ્રય કરે,...'** આ તો અલૌકિક આલોચના છે, હોં ! અધ્યાત્મ આલોચના છે. આલોચનાનો બધો અર્થ તો એકવાર થઈ ગયો હતો. આ તો એક કલાકમાં બધું ઉકેલવાનું છે ને ! **'જો તેમના ચિત્તમાં આપના નામના સ્મરણરૂપ...'** સર્વજ્ઞ સ્વરૂપી આત્મા એવો પરમાત્મા થયા એનું જેને સ્મરણરૂપ. **'અનંત પ્રભાવશાળી મહામંત્ર મોજુદ હોય અને આપ દ્વારા પ્રગટ થયેલ...'** આપ દ્વારા–જિનેશ્વરે કહ્યું એવું **'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગમાં જો તેમનું આચરણ હોય તો તે સજ્જનોને...'** સત્ જનને **'ઇચ્છીત વિષયની પ્રાપ્તિમાં વિઘન શાનું હોય ?'** મંગળીક કર્યું. ભગવાન ! આપના માર્ગમાં ચડ્યા ને આપનો માર્ગ લીધો એને વિઘ્ન કોઈ દિ' હોય શકે નહિ. એ માર્ગે–પંથે પડ્યા એ પંથના પ્રયાણ પુરા અમારા થવાના એમ કરીને મંગળીક પહેલું કર્યું છે.

**'ભાવાર્થ :– જો સજ્જનોના મનમાં આપનું ધ્યાન હોય...'** વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા આવા આત્મા વ્યક્તરૂપે પરમાત્મા થયા એનું ધ્યાન હોય **'આપના નામ સ્મરણરૂપ મહામંત્ર મોજુદ હોય અને તેઓ મોક્ષમાર્ગમાં ગમન કરવાવાળા હોય તો તેમને અભષ્ટની...'** નામ પોતાની ઇચ્છિત પ્રાપ્તિમાં **'કોઈ પ્રકારનું વિઘન આવી શકતું નથી.'**

**'હવે આચાર્ય દેવ સ્તુતિ દ્વારા દેવ કોણ હોઈ શકે ? કેવળજ્ઞાન પ્રાપ્તિનો ક્રમ કેવો હોય ? તે વર્ણવે છે.'**

**'૨. અર્થ :– હે જિનેન્દ્ર દેવ ! સંસારના...'** જુઓ ! આ કેવળજ્ઞાન પ્રાપ્તિ કેમ થાય એનો ઉપાય કેવો (હોય) એમ આલોચના કરનાર જાણે છે. **'હે જિનેન્દ્રદેવ ! સંસારના ત્યાગ અર્થે પરિગ્રહરહિતપણું...'** બાહ્યથી વાત કરી, અભ્યંતરમાં **'રાગરહિતપણું, સમતા...'** નામ વીતરાગતા. **'સર્વથા કર્મોનો નાશ...'** એ નાસ્તિથી વાત કરી. અને રાગરહિતપણું અસ્તિથી કરી છે, વીતરાગ અસ્તિથી કરી. હવે કર્મના નાશથી શું થયું પ્રભુ આપને ?

**'અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય સહિત સમસ્ત લોકાલોકને પ્રકાશનારું કેવળજ્ઞાન એવો ક્રમ આપને જ પ્રાપ્ત થયો હતો.'** જુઓ ! દેવને ઓળખનારા દેવ કેમ થયા તેનું જ્ઞાન તેને હોય છે. એ સિવાય કુદેવનું જ્ઞાન એને છૂટી ગયું હોય છે. આ દેવનું પ્રાયશ્ચિત કરે કે, આવા દેવ હોય એ સિવાય કોઈ દેવ હોઈ શકે નહિ. **'પરંતુ આપથી અન્ય કોઈ...'** જુઓ ! નાસ્તિ અનેકાન્ત કરે છે. **'આપથી અન્ય કોઈ દેવને એ ક્રમ પ્રાપ્ત થયો નથી.'** બીજા ગમે તેટલા વાતું કરનારા હોય પણ હે નાથ ! કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો આ ક્રમ આપને જ પ્રાપ્ત થયો છે, બીજાને એ હોઈ શકે નહિ. કેમ ? કે **'આપ જ શુદ્ધ છો અને આપના ચરણોની સેવા...'** એટલે કે આપે કહેલા દર્શન-જ્ઞાન, શાંતિની સેવા **'સજ્જન પુરુષોએ કરવી યોગ્ય છે.'** આ પ્રાયશ્ચિત લે છે કે, આ સિવાય કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર માન્યા હોય એ અમારું નિષ્ફળ જાવ. આવા દેવોને અમે માનનારા છીએ, જેની દિવ્ય શક્તિ ક્રમે કરીને પ્રાપ્ત થઈ ગઈ છે.

**'ભાવાર્થ :– હે ભગવન્ ! આપે જ સંસારથી મુક્ત થવા અર્થે સમસ્ત પરિગ્રહનો ત્યાગ કર્યો છે.'** જોયું ? વસ્ત્ર, પાત્ર આદિ સર્વજ્ઞને મુનિ થતા વખતે જ ન હોય. **'તથા રાગભાવને છોડ્યો છે અને સમતા...'**ને વીતરાગપણાને ધારણ કરી છે. **'અનંત વિજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય આપને જ પ્રગટ થયા છે એથી આપ જ શુદ્ધ અને સ્વજનોની સેવાને પાત્ર છો.'** બીજા કોઈ પાત્ર છે નહિ.

**સેવાનો દઢ નિશ્ચય અને પ્રભુ સેવાનું માહાત્મ્ય :–**

૩. **'અર્થ :– હે ત્રૈલોક્યપતે ! આપની સેવામાં જો મારો દઢ નિશ્ચય છે તો મને અત્યંત બળવાન સંસારરૂપ વૈરીને જીતવો કાંઈ મુશ્કેલ નથી. કેમકે જે મનુષ્યને જળવૃષ્ટિથી હર્ષજનક,...'** જળવૃષ્ટિથી હર્ષજનક **'ઉત્તમ ફુવારાસહિત ઘર પ્રાપ્ત થાય તો તે પુરુષને જેઠ માસનો પ્રખર મધ્યાહ્ન–તાપ શું કરી શકે તેમ છે અર્થાત્ કાંઈ કરી શકે નહિ.'** આપના સ્વભાવનો નિર્ણય કર્યો કે, આપ વીતરાગ છો, સર્વજ્ઞ છો એવો આપના ભાવનો મેં નિર્ણય કર્યો તો હવે અમને આ કર્મના ઉદયનો આતાપ અમને શું કરી શકે ? કોઈ અમને પાછા હટાવી શકતા નથી.

**'ભાવાર્થ :– હે ત્રણલોકના ઈશ ! જેમ શીતળ જળ વડે ઊડતા ફુવારાથી સુશોભિત ઉત્તમ ઘરમાં બેઠેલા પુરુષને જેઠ માસની બપોરની અત્યંત ગરમી પણ કાંઈ કરી શકે નહિ તેમ હું નિશ્ચયપૂર્વક આપની સેવામાં દઢપણે સ્થિત છું તો મને બળવાન સંસારરૂપી વૈરી પણ જરાય ત્રાસ આપી શકે નહિ.'**

**ભેદજ્ઞાન દ્વારા સાધક દશા :–**

જુઓ ! ધર્મીની સાધક દશા કેવી હોય એવું આલોચના કરનારને ભાન હોય છે. એનાથી વિરૂદ્ધ ભાવ એને નાશ થઈ ગયેલો હોય છે. ભગવાન !

૪. **અર્થ :– આ પદાર્થ સારરૂપ છે અને આ પદાર્થ અસારરૂપ છે એ પ્રકારે સારાસારની પરિક્ષામાં એકચિત્ત થઈ જે કોઈ બુદ્ધિમાન મનુષ્ય ત્રણે લોકના સમસ્ત પદાર્થોનો,...'** જુઓ ! અનંત પદાર્થ છે, બુદ્ધિમાન એની પરીક્ષા કરનાર છે એમ બધું સિદ્ધ કરે છે. **'અબાધિત ગંભીર દષ્ટિથી વિચાર કરે,...' 'અબાધિત**

**ગંભીર દૃષ્ટિથી વિચાર કરે છે તો તે પુરુષની દૃષ્ટિમાં હે ભગવાન ! આપ જ એક સારરૂપ પદાર્થ છો...'** વીતરાગ વિજ્ઞાનઘન આત્મા જ સાર દેખાય છે, એ સિવાય કોઈ સાર દેખાતું નથી. **'આપથી ભિન્ન સમસ્ત પદાર્થો અસારભૂત જ છે. અતઃ આપના આશ્રયથી જ મને પરંમ સંતોષ થયો છે.'**

**હવે આચાર્યદેવ 'પૂર્ણ સાધ્ય' વર્ણવે છે :-**

સાધક કહ્યો, હવે પૂર્ણ સાધ્ય-સાધકનું ફળ (વર્ણવે છે).

**૫. અર્થ :- હે જિનેશ્વર ! સમસ્ત લોકાલોકને એક સાથે જાણનારું આપનું જ્ઞાન છે,...'** જુઓ ! આલોચના કરનારને આવું ભાન હોય છે. આ સર્વજ્ઞ સ્વભાવ ને એના એક સમયનું જ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને, સામાન્ય વિશેષને એક સમયમાં જાણનારું હોય છે. (એવું) આપનું જ્ઞાન છે. **'સમસ્ત લોકાલોકને એક સાથે દેખનારું આપનું દર્શન છે, આપને અનંત સુખ અને અનંત બળ છે તથા આપની પ્રભુતા પણ નિર્મળતર છે. વળી આપનું શરીર...'** જુઓ ! શરીર **'દેદીપ્યમાન છે;...'** આપનો આત્મા તો પવિત્ર છે પણ શરીર પરમ ઔદારિક થઈ ગયું છે. જુઓ ! સ્ફટિક જેવું શરીર ભગવાનને હોય છે. એને રોગ થાય કે સાધારણ શરીર હોય એવું બને નહિ. (જો એવું હોય) તો એની પુણ્યની કચાશ છે પવિત્રતા પૂરી, ત્યાં પુણ્ય પણ પુરા હોય છે. તેનું પરમઔદારિક શરીર સ્ફટિક જેવું થઈ જાય છે. એટલે નિશ્ચય ને વ્યવહાર – પુણ્ય ને પવિત્રતા – બન્નેની વ્યાખ્યા કરે છે.

**'તેથી જો યોગીશ્વરોએ સમ્યક્ યોગરૂપ નેત્ર દ્વારા...'** જુઓ ! નીચે કહ્યું છે. તીર્થંકર પ્રભુનું શરીર પરમ ઔદારિક અને સ્ફટિક રત્ન જેવું નિર્મળ હોઈને દેદીપ્યમાન હોય છે. જે યોગીશ્વરો નામ અંતરની દૃષ્ટિ કરનાર, જોડનાર. યોગમાં ઈશ્વર એટલે આત્માના સ્વભાવમાં જોડાણ કરવામાં પણ ઈશ્વર. એવા સમ્યક્ યોગરૂપ-સાચા શ્રદ્ધા, જ્ઞાન, શાંતિના સંબંધવાળા યોગથી **'આપને પ્રાપ્ત કરી લીધા તો તેઓએ શું ન જાણી લીધું ? શું ન દેખી લીધું ? તથા તેઓએ શું ન પ્રાપ્ત કરી લીધું ? અર્થાત્ સર્વ કરી લીધું.'**આહા..હા..! સર્વજ્ઞને જાણ્યા, અરિહંતને જાણ્યા એવો જ મારો આત્મા છે એનું જ્ઞાન થયા વિના રહે નહિ. મહારાજ ! આપને જાણનાર બધું જાણી લે છે.

**'ભાવાર્થ :- જે યોગીશ્વરોએ પોતાની ઉત્કૃષ્ટ...'** આવી આલોચના આ દિગંબર સંતો કહી શકે ને કરી શકે એવી આલોચના બીજે ક્યાંય નથી. એવા જંગલમાં વસનારા સંતોએ આલોચના કરી પણ આવી અલૌકિક કરી છે ! **'યોગીશ્વરોએ પોતાની ઉત્કૃષ્ટ યોગદૃષ્ટિથી અનંત ગુણસંપન આપને જોઈ લીધા...'** જુઓ ! અનંત ગુણસંપન. **'તો તેઓએ સર્વ દેખી લીધું, સર્વ જાણી લીધું અને સર્વ પ્રાપ્ત કરી લીધું.'**

**પૂર્ણની પ્રાપ્તિનું પ્રયોજન :-**

આત્મા સર્વજ્ઞપણાને પ્રાપ્ત થાય એનું પ્રયોજન.

**'૬. અર્થ :- હે જિનેન્દ્ર ! આપને જ હું ત્રણલોકના સ્વામી માનું છું,...'** જાણનાર એમ. **'આપને જ જિન અર્થાત્ અષ્ટ કર્મોના વિજેતા અને મારા સ્વામી માનું છું, માત્ર આપને જ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું, સદા આપનું જ ધ્યાન કરું છું, આપની જ સેવા અને સ્તુતિ કરું છું...'** બીજાની નહિ, એમ આમાં નકાર લઈ લેવો. **'અને કેવળ આપને જ મારું શરણ માનું છું. અધિક શું કહેવું ? જો કાંઈ સંસારમાં પ્રાપ્ત થાઓ તો એ થાઓ કે આપના સિવાય અન્ય કોઈ પણ સાથે મારે પ્રયોજન ન રહે.'** વીતરાગભાવ સિવાય મારે કોઈ પ્રયોજન ન રહે, એ સાધકમાં આલોચનની પ્રાર્થના છે.

**'ભાવાર્થ :- હે ભગવન્ ! આપ સાથે જ મારે પ્રયોજન રહે...'** એટલે કે વીતરાગભાવ સાથે જ પ્રયોજન રહે **'અને આપથી ભિન્ન...'** રાગાદિ **'અન્યથી મારે કોઈ પ્રકારનું પ્રયોજન ન રહે એટલી વિનયપૂર્વક પ્રાર્થના છે.'**

**હવે આચાર્યદેવ આલોચનાનો આરંભ કરે છે :-**

છ ગાથા તો ભક્તિપૂર્વક પરમાત્માને દૃષ્ટિમાં સિદ્ધ કરી અને હવે પાપ અને પુણ્યની આલોચના કરે છે.

**'૭. અર્થ :- હે જિનેશ્વર ! મેં ભ્રાંતિથી મન, વચન અને કાયા દ્વારા ભૂતકાળમાં અન્ય પાસે પાપ કરાવ્યા છે, સ્વયં કર્યા છે અને પાપ કરનારા અન્યોને અનુમોદ્યા**

**છે તથા...'** આ બધું અસ્તિપણે સ્થાપે છે. પૂર્વ કાળે આ બધું મારે હતું. **'તથા તેમાં મારી સંમતી આપી છે...'** અનુમોદન. **'વળી વર્તમાનમાં હું મન, વચન ને કાયા દ્વારા અન્ય પાસે પાપ કરાવું છું, સ્વયં પાપ કરું છું અને પાપ કરનારાને અનુમોદું છું.'** એ જેટલો રાગાદિ હોય એ અપેક્ષાએ જાણવું. **'તેમજ ભવિષ્યકાળમાં હું મન, વચન અને કાયા દ્વારા અન્ય પાસે પાપ કરાવીશ...'** એટલે જેટલો પણ શુભરાગ આદિ, પુણ્ય આદિ ભાવ થાય એ બધો પરમાર્થે તો અંતરને પાપ છે. **'સ્વયં પાપ કરીશ અને પાપ કરનારા અન્યોને અનુમોદીશ– તે સમસ્ત પાપની આપની પાસે બેસી...'** જ્ઞાતાદષ્ટાના, સ્વભાવના લક્ષમાં રહી **'જાતે નિંદા-ગર્હા કરનાર એવો હું તેના સર્વ પાપ સર્વથા મિથ્યા થાઓ.'** સમજાણું કાંઈ ?

**'ભાવાર્થ :– હે જિનેશ્વર ! ભૂત, વર્તમાન, ભવિષ્યત્–ત્રણે કાળમાં જે પાપો મેં મન, વચન, કાયા દ્વારા કારિત, કૃત અને અનુમોદનથી ઉપાર્જન કર્યા છે, હું કરું છું અને કરીશ–એ સમસ્ત પાપોનો અનુભવ કરી હું આપની સમક્ષ સ્વનિંદા કરું છું. માટે મારા તે સમસ્ત પાપો સર્વથા મિથ્યા થાઓ.'** એટલે પર્યાયમાં રહો નહિ.

**આચાર્યદેવ પ્રભુની અનંત જ્ઞાન, દર્શન શકિત વર્ણવતા આત્મ-શુદ્ધિ અર્થે આત્મનિંદા કરે છે :–**

**'૮. અર્થ :– હે જિનેન્દ્ર ! જો આપ ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રિકાળગોચર અનંત પર્યાયોયુક્ત લોકાલોકને સર્વત્ર એક સાથે જાણો છો તથા દેખો છો, તો હે સ્વામિન્ ! મારા એક જન્મના પાપોને શું આપ નથી જાણતા ? અર્થાત્ અવશ્યમેવ આપ જાણો છે. તેથી હું આત્મનિંદા કરતો કરતો આપની પાસે સ્વ દોષોનું કથન (આલોચન) કરું છું અને તે કેવળ શુદ્ધિ અર્થે જ કરું છું.'** જુઓ ! આલોચના પણ નિષ્કપટપણે, સરળપણે બાળક જેમ માતા પાસે પોતાના દોષ કહે એમ ભગવાન પાસે કે ગુરુ પાસે પોતે સરળપણે, બાળકપણે કહે એનું નામ આલોચના કહેવામાં આવે છે.

**'ભાવાર્થ :– હે ભગવન્ ! જો આપ અનંત ભેદસહિત લોક અને અલોકને એકસાથે જાણો છો, દેખો છો તો આપ મારા સમસ્ત દોષોને પણ સારી રીતે જાણતા જ હો.'** એટલે છો એમ. **'વળી હું આપની સામે નિજ દોષોનું કથન (આલોચન) કરું છું તે કેવળ આપને સંભળાવવા માટે નહિ, કિન્તુ શુદ્ધિ અર્થે...'** મારા શુદ્ધ સ્વભાવના લક્ષે આલોચના કરું છું.

**હવે આચાર્યદેવ ભવ્ય જીવોને તેમના આત્માને ત્રણ શલ્યરહિત રાખવાનો બોધ આપે છે :–**

માયા, નિદાન, મિથ્યાત્વ શલ્ય હોય ત્યાં સુધી એને વ્રત આદિ હોય શકે નહિ. નિઃશલ્યો વૃત્તિ. મિથ્યાદર્શન, મિથ્યાશલ્ય હોય ત્યાં સુધી સમકિત નહિ અને નિદાન આદિના બે શલ્ય હોય ત્યાં સુધી વ્રત નહિ. સમજાય છે કાંઈ ?

**'૯. અર્થ :– હે પ્રભો !'** જુઓ ! કેવી સ્તુતિ કરે છે ! **'વ્યવહાર નયનો આશ્રય કરનાર...'** અને મહાવ્રત આદિ અમારે વ્યવહાર નયનો આશ્રય છે. પંચ મહાવ્રત આદિ હોય ઇ. **'મૂળગુણ તથા ઉત્તરગુણોને ધારણ કરનાર મારા જેવા મુનિને જે દૂષણોનું સંપૂર્ણ રીતે સ્મરણ છે...'** જ્ઞાનમાં ખ્યાલ છે, ક્યાં, કેમ દોષ થયો એ બધો જ્ઞાનમાં ખ્યાલ છે.

**'તે દુષણની શુદ્ધિ અર્થે આલોચના કરવાને આપની સામે સાવધાનીપૂર્વક બેઠો છું. કેમકે જ્ઞાનવાન ભવ્ય જીવોએ સદા પોતાના હૃદય માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાત્વશલ્ય–એ ત્રણ શલ્ય રહિત જ રાખવા જોઈએ.'** એ શલ્ય સહિત હોય એને જેમ લોઢાના બાણ અંદર સડે અને કાળજા સડી જાય એમ ત્રણ શલ્યમાં એવું કંઈ પણ એક શલ્ય અંદર રહે એનો આત્મા સડીને બગડી જાય. સમજાય છે ?

**સ્વભાવની સાવધાની :–**

**'૧૦. અર્થ :– હે ભગવન્ ! આ સંસારમાં સર્વ જીવ વારંવાર અસંખ્યાત લોકપ્રમાણ પ્રગટ તથા અપ્રગટ નાનાપ્રકારના વિકલ્પો સહિત છે.'** શુભ અને અશુભ પરિણામ બન્ને, શુભ અને અશુભ બન્ને કહ્યા ને ? અસંખ્યાત લોકપ્રમાણ પ્રગટ તથા અપ્રગટ નાનાપ્રકારના વિકલ્પ સહિત હોય છે. જુઓ ! નીચે (ફૂટનોટમાં) શુભ-અશુભભાવો કહ્યા. **'એ જીવ જેટલા પ્રકારના વિકલ્પો સહિત છે તેટલા જ વિવિધ પ્રકારના દુઃખો સહિત પણ**

**છે.'** જેટલા પ્રકારના શુભ-અશુભ વિકલ્પો છે, રાગના શુભ-અશુભ ભાવ છે એ બધા દુઃખરૂપ છે. **'પરંતુ જેટલા વિકલ્પો છે તેટલા પ્રાયશ્ચિતો શાસ્ત્રમાં નથી;...'** એટલા શાસ્ત્રમાં ક્યાંથી કહે ? અસંખ્ય પ્રકારના શુભ-અશુભ પરિણામ (તેને કહેવા) અસંખ્ય શબ્દો હોય શકે નહિ, શબ્દો તો સંખ્યાતા હોય. **'તેથી તે સમસ્ત અસંખ્યા લોક પ્રમાણ વિકલ્પોની શુદ્ધિ આપની સમીપે જ થાય છે.'** એટલે કે ભગવાન આત્માના સમીપે જ એ વિકલ્પનો ભૂકો ઊડી જાય છે.

'ભાવાર્થ :- **યદ્યપિ દુષણોની શુદ્ધિ પ્રાયશ્ચિત કરવાથી થાય છે, કિન્તુ હે જિનપતે ! જેટલાં દુષણો છે તેટલાં પ્રાયશ્ચિતો શાસ્ત્રમાં કહ્યાં નથી; તેથી સમસ્ત દૂષણોની શુદ્ધિ આપની સમીપે જ થાય છે.'**

**પરથી પરાંઙ્ગમુખ થઈ સ્વની પ્રાપ્તિ :-**

**'૧૧. અર્થ :- હે દેવ ! સર્વ પ્રકારના પરિગ્રહ રહિત, સમસ્ત શાસ્ત્રોનો જ્ઞાતા, ક્રોધાદિ કષાયોરહિત, શાંત, એકાંતવાસી ભવ્ય જીવ, બધા બાહ્ય પદાર્થોથી મન તથા ઇન્દ્રિયોને પાછા હટાવી અને અખંડ નિર્મળ સમ્યગ્જ્ઞાનની મૂર્તિરૂપ આપમાં સ્થિર થઈ, આપને જ દેખે છે તે મનુષ્ય આપના સાન્નિધ્ય (સમીપતા) ને પ્રાપ્ત કરે છે.'**

**સ્વભાવની એકાગ્રતાથી ઉત્તમપદ-મોક્ષની પ્રાપ્તિ :-**

**'૧૨. અર્થ :- હે અર્હત્ પ્રભુ ! પૂર્વ ભવમાં કષ્ટથી સંચય કરેલ મહા પુણ્યથી જે મનુષ્ય, ત્રણલોકના પૂજાર્હ (પૂજાને યોગ્ય) આપને પામ્યો છે તે મનુષ્યને બ્રહ્મા, વિષ્ણુ આદિને પણ નિશ્ચયપૂર્વક અલભ્ય એવું ઉત્તમ પદ પ્રાપ્ત થાય છે. હે નાથ ! હું શું કરું ? આપનામાં એક ચિત્ત કર્યા છતાં...'** જુઓ ! અહીં મનનું પ્રાયશ્ચિત કરે છે, જરી મન અસ્થિર થઈ જાય એનું. **'મારું મન પ્રબળપણે બાહ્ય પદાર્થો પ્રત્યે દોડે છે એ મોટો ખેદ છે.'** શુભાશુભ વિકલ્પ ઊઠે એ જ મોટો ખેદ છે. આહા..હા..!

**મોક્ષાર્થે વીર્યનો વેગ :-**

**'૧૩. અર્થ :- હે જિનેશ ! આ સંસાર નાના પ્રકારના દુઃખો દેનાર છે. જ્યારે વાસ્તવિક સુખનો આપનાર તો મોક્ષ છે.'** એટલે આત્માની સંપૂર્ણ નિર્મળ દશા. **'તેથી તે મોક્ષની પ્રાપ્તિ અર્થે અમે સમસ્ત ધન, ધાન્ય આદિ પરિગ્રહોનો ત્યાગ કર્યો,...'** મુનિ પોતે એની વાત કરે છે. **'તપોવન (તપથી પવિત્ર ભૂમિ) માં વાસ કર્યો...'** જંગલમાં રહ્યા છીએ. **'સર્વ પ્રકારના સંશય પણ છોડ્યા અને અત્યંત કઠિન વ્રત પણ ધારણ કર્યા, હજી સુધી તેવા દુષ્કર વ્રતો ધારણ કર્યા છતાં પણ સિદ્ધિ (મોક્ષ) ની પ્રાપ્તિ ન થઈ.'** પોતાની અપૂર્ણતાની આલોચના ખેદ કરે છે. **'કેમકે પ્રબળ પવનથી કંપાયેલા પાંદડાની માફક...'** ઓહો..! મન અમારું અસ્થિર થાય, પ્રભુ ! કેમ સિદ્ધિ થાય ? આહા..હા..! **'અમારું મન રાત્રિ-દિવસ બાહ્ય પદાર્થોમાં ભ્રમણ કરતું રહે છે.'** તેને મનરહિત થઈને કેવળજ્ઞાન ક્યારે થાય ?

**મનને સંસારનું કારણ જાણી પશ્ચાતાપ :-**

**'૧૪. અર્થ :- હે ભગવન્ ! જે મન બાહ્ય પદાર્થોને મનોહર માની તેમની પ્રાપ્તિ માટે જ્યાં ત્યાં ભટક્યા કરે છે, જે જ્ઞાનસ્વરૂપી આત્માને વિના પ્રયોજને સદા અત્યંત વ્યાકુલ કર્યા કરે છે, જે ઇન્દ્રિયરૂપ ગામને વસાવે છે.'** મન હોય તો ઇન્દ્રિયનું લક્ષ જાય છે. મન વિના ઇન્દ્રિયનું લક્ષ જાય નહિ. **'(અર્થાત્ આ મનની કૃપાથી જ ઇન્દ્રિયોની વિષયોમાં સ્થિતિ થાય છે), અને જે સંસાર ઉત્પાદક કર્મોનો પરમ મિત્ર છે,...'** આહા..હા..! **'(અર્થાત્ મન આત્મારૂપ ગૃહમાં કર્મોને સદા લાવે છે). તે મન જ્યાં સુધી જીવિત રહે છે ત્યાં સુધી મુનિઓને ક્યાંથી કલ્યાણની પ્રાપ્તિ હોય શકે ? અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ હોય શકે નહિ.'** ઓહો..હો..! મનમાં અસ્થિરતાનો પણ ખેદ છે. પ્રભુ ! આખો વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવથી પરિણમતું તત્ત્વ એમાં આ શું ? એમ કરીને એને પણ આલોચનામાં એમાંથી હટીને સ્વભાવ તરફ આવવા માગે છે.

**મોહના નાશ માટે પ્રાર્થના :-**

**'૧૫. અર્થ :- મારું મન, નિર્મળ તથા શુદ્ધ અખંડ જ્ઞાનસ્વરૂપ આપમાં લગાવ્યા છતાં પણ મૃત્યુ તો આવવાનું જ છે એવા વિકલ્પ વડે, આપથી અન્ય બાહ્ય સમસ્ત પદાર્થો તરફ નિરંતર ઘૂમ્યા કરે છે.'** મનને એમ થાય છે કે, જો આ અંદર ગયો, આ જાશે તો મને મારી નાખશે, માટે બહાર ફરું તો જીવતો તો રહું. વિકલ્પ

વિકલ્પ. **'હે સ્વામીન ! તો શું કરવું ? કેમકે આ જગતમાં, મોહવશાત્ કોને મૃત્યુનો ભય નથી ? સર્વને છે. માટે સવિનય પ્રાર્થના છે કે સમસ્ત પ્રકારના અનર્થો કરનાર તથા અહિત કરનાર મારા મોહને નષ્ટ કરો.'**

**'ભાવાર્થ :– જ્યાં સુધી મોહનો સંબંધ આત્માની સાથે રહેશે ત્યાં સુધી મારું ચિત્ત, બાહ્ય પદાર્થમાં ઘૂમ્યા કરશે અને જ્યાં સુધી ચિત્ત ઘૂમતું રહેશે ત્યાં સુધી આત્મામાં સદા કર્મોનું આવાગમન પણ રહ્યા કરશે. આ પ્રકારે તો આત્મા સદા વ્યાકુળ રહ્યા કરશે. હે ભગવન્ ! આ પ્રકારના અનર્થો કરનાર મારા મોહને સર્વથા નષ્ટ કરો કે જેથી મારા આત્માને શાંતિ થાય.'**

**સર્વ કર્મોમાં મોહ જ બળવાન છે એમ આચાર્ય દર્શાવે છે :–**

**'૧૬. અર્થ :– જ્ઞાનવરણ આદિ સમસ્ત કર્મોમાં મોહકર્મ જ અત્યંત બળવાન કર્મ છે.'** નિમિત્તની વાત છે. ભાવકર્મ છે ઇ બળવાન છે. **'એ મોહના પ્રભાવથી આ મન જ્યાં ત્યાં ચંચળ બની ભ્રમણ કરે અને મરણથી ડરે છે.'** જુઓ ! મન મરણથી ડરે છે. **'જો આ મોહ ન હોય તો નિશ્ચયનય પ્રમાણે ન તે કોઈ જીવે યા ન તે કોઈ મરે. કેમ કે આપે આ જગતને જે અનેક પ્રકારે દેખ્યુ છે એ પર્યાયથી જ નયની અપેક્ષાએ દેખ્યુ છે. વિવિધ પ્રકાની અવસ્થાને જોઈ એ તો પર્યાયાર્થિકનયની અપેક્ષાએ દેખ્યું છે.'** વિવિધ પ્રકારની અવસ્થાને જોઈ એ તો પર્યાયનયથી છે. **'દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નહિ.'** દ્રવ્યથી તો વસ્તુ એવી ને એવી ધ્રુવ છે. **'તેથી હે જિનેન્દ્ર ! આ મારા મોહને સર્વથા નષ્ટ કરો.'**

**પર સંયોગ અધ્રુવ જાણી તેનાથી ખસી, એક ધ્રુવ આત્મસ્વભાવમાં સ્થિત થવાની ભાવના :–**

**'૧૭. અર્થ :– વાયુથી વ્યાપ્ત સમુદ્રની ક્ષણિક જળલહરીઓના સમૂહ સમાન, સર્વ કાળે તથા સર્વ ક્ષેત્રે આ જગત ક્ષણમાત્રમાં વિનાશી છે.'** પર્યાય ક્ષણમાં બદલી જાય છે, એમ. **'એવો સમ્યક્ પ્રકારે વિચાર કરી, આ મારું મન સમસ્ત સંસારને ઉત્પન્ન કરનાર વ્યાપાર (પ્રવૃત્તિ) થી રહિત થઈ, હે જિનેન્દ્ર ! આપના નિર્વિકાર પરમાનન્દમય પરમબ્રહ્મસ્વરૂપમાં સ્થિત થવાને ઇચ્છા કરે છે.'** ધ્રુવમાં સ્થિર થવાની જ ભાવના કરે છે.

**શુભ-અશુભ ઉપયોગથી ખસી શુદ્ધ ઉપયોગમાં નિવાસની ભાવના :–**

જુઓ ! વર્તમાન મુનિની વાત છે, હોં ! શુદ્ધઉપયોગ અત્યારે ન હોય એમ નહિ, એમ કહે છે જુઓ !

**'૧૮. અર્થ :– જે સમયે અશુભ ઉપયોગ વર્તે છે તે સમયે તો પાપની ઉત્પત્તિ થાય છે અને તે પાપથી જીવ નાના પ્રકારના દુઃખોને અનુભવે છે. જે સમયે શુભ ઉપયોગ વર્તે છે તે સમયે પુણ્યની ઉત્પત્તિ થાય છે.'** સંવર-નિર્જરા શુભમાં નથી. **'અને તે પુણ્યથી જીવને સુખ પ્રાપ્ત થાય છે.'** આજે લખાણ તો ઘણું આવ્યું છે. અરે..! વિચારો રે વિચારો ! પોપટની જેમ તોતાની જેમ રટ્યા કરે છે. એવો દાખલો આપ્યો છે, એક પોપટ બેઠો હતો એને કહે, ઊડી જા, ઊડી જા. તો ઊડી જા, ઊડી જા શીખ્યો. મારવા આવ્યો હોય તોપણ ઊડે નહિ. એમ તમે પોપટની જેમ બોલ્યા કરો છો, પુણ્ય વિષ્ટા, પુણ્ય વિષ્ટા, પુણ્ય વિષ્ટા. અને પાછું કર્યા કરો. એમ કહે છે. ભક્તિ, પૂજાનો ભાવ હોયા વિના હોય નહિ. સાંભળ તો ખરો. દૃષ્ટિમાં એનો આદર ન હોય. અસ્થિરતાના પાપ છોડીને પુણ્યભાવ આવ્યા વિના રહે નહિ. દૃષ્ટિ ને શું વસ્તુની ખબર નહિ.

**'અને તે પુણ્યથી જીવને સુખ પ્રાપ્ત થાય છે.'** સુખ એટલે અનુકૂળ સંયોગ, હોં ! **'એ બંને પાપ-પુણ્યરૂપ દ્વંદ્વ સંસારનું જ કારણ છે. અર્થાત્ એ બંનેથી સદા સંસાર જ ઉત્પન્ન થાય છે. કિન્તુ શુદ્ધોપયોગથી અવિનાશી અને આનંદસ્વરૂપ પદની પ્રાપ્તિ થાય છે.'** આ શ્લોકોના અર્થ છે, હોં ! ઘરના નથી. 'પદ્મનંદિ પંચવિંશતિઃ' નો આ નવમો અધિકાર, એના શ્લોકના જ આ અર્થ છે. આ અમારે કહે છે ને ! આમાં લખ્યું નથી ને ઘરનું ? **'હે અર્હંત પ્રભો ! આપ તો તે પદમાં નિવાસ કરી રહ્યા છો, પણ હું એ શુદ્ધોપયોગરૂપ પદમાં નિવાસ કરવાને ઇચ્છુ છું.'**

**આત્મસ્વરૂપનું નાસ્તિથી ને અસ્તિથી વર્ણન :–**

**'૧૯. અર્થ :– જે આત્મસ્વરૂપ-જ્યોતિ,...'** ભગવાન ચૈતન્ય-જ્યોતિ **'નથી તો સ્થિત અંદર કે નથી ચિત્ત બાહ્ય,**

**તથા નથી તો સ્થિત દિશામાં કે નથી સ્થિત વિદિશામાં, તેમ નથી સ્થૂલ કે નથી સૂક્ષ્મ; તે આત્મજ્યોતિ નથી તો પુલિંગ, (પુરુષ લિંગે), નથી સ્ત્રીલિંગ કે નથી નપુસંક લિંગ પણ. વળી તે નથી ભારી કે નથી હલકી, તે જ્યોતિ કર્મ, સ્પર્શ, શરીર, ગંધ, સંખ્યા, વચન, વર્ણથી રહિત છે. નિર્મળ છે અને સમ્યગ્જ્ઞાનદર્શનસ્વરૂપ મૂર્તિ છે; તે ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હું છું.'** રાગાદિ હું નથી, હું તો ઉત્કૃષ્ટ ચૈતન્ય જ્યોતિસ્વરૂપ છું. **'કિન્તુ તે ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ-જ્યોતિથી હું ભિન્ન નથી.'** એ ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ-જ્યોતિ સ્વભાવ, એનાથી હું જુદો નથી.

**ત્રિકાળી આત્માની શક્તિ :–**

**'૨૦. અર્થ :– હે ભગવન્ ! ચૈતન્યની ઉન્નતિનો નાશ કરનાર અને વિના કારણે સદા વૈરી એવા દુષ્ટ કર્મે આપમાં અને મારામાં ભેદ પાડ્યો છે.'** પ્રભુ ! **'પરંતુ કર્મશૂન્ય અવસ્થામાં જેવો આપનો આત્મા છે તેવો જ મારો આત્મા છે. આ સમયે તે કર્મ અને હું આપની સામે ખડા છીએ. તેથી તે દુષ્ટ કર્મને હટાવી દૂર કરો;'** એટલે કે આ જ્ઞાતા છું અને આ રાગાદિ છે એવો વિવેક વર્તે છે એથી તેનો નાશ કરું છું. તમે નાશ કરો એમ કહેવામાં આવે છે. **'આપની સામે ખડા છીએ. તેથી તે દુષ્ટ કર્મને હઠાવી દૂર કરો; કેમકે નીતિમાન પ્રભુઓનો તો એ ધર્મ છે કે તે સજ્જનોની રક્ષા કરે ને દુષ્ટોનો નાશ કરે.'** આવે છે ને પેલું 'ગીતા'માં ? કે ભક્તોની ભીડ તોડવા ભગવાન અવતાર ધારણ કરે, રાક્ષસોને નાશ કરે. એ નહિ, આ. ભાઈ ! એ સત્ જન નામ સત્સ્વરૂપ ભગવાન આત્મા એનો તો એવો નીતિમાન લોકોત્તર ચૈતન્યનો નીતિનો ધર્મ એવો છે કે સજ્જનોની રક્ષા કરે, સ્વભાવની શાંતિની રક્ષા કરે અને વિભાવરૂપી રાક્ષસોનો નાશ કરે.

**આત્માનું અવિકારી સ્વરૂપ :–**

**'૨૧. અર્થ :– હે ભગવન્ ! વિવિધ પ્રકારના આકાર અને વિકાર કરનાર વાદળા આકાશમાં હોવા છતાં પણ, જેમ આકાશના સ્વરૂપનો કાંઈ પણ ફેરફાર કરી શકતાં નથી, તેમ આધિ (નામ સંકલ્પ-વિકલ્પ), વ્યાધિ (નામ રોગ), જરા (વૃદ્ધાવસ્થા) મરણ આદિ પણ મારા સ્વરૂપનો કાંઈ પણ ફેરફાર કરી શકે તેમ નથી.'** કરી શકે તેમ નથી. **'કેમકે એ સર્વ શરીરના વિકાર છે,...'** દેખો ! એ સંકલ્પ-વિકલ્પ શરીરનો રોગ ને બાહ્ય જનમ-મરણ એ બધા શરીરના ફદફદાટ છે, જડ છે એ મારામાં છે નહિ.

**સ્વમાં સુખ અને પરમાં દુઃખ :–**

**'૨૨. અર્થ :– જેમ માછલી પાણી વિનાની ભૂમિપર પડતાં તરફડી દુઃખી થાય છે, તેમ હું પણ (આપની શીતલ છાયા વિના), નાનાપ્રકારના દુઃખોથી ભરપૂર સંસારમાં સદા બળીઝળી રહું છું. જેમ તે માછલી જ્યારે જળમાં રહે છે ત્યારે સુખી રહે છે. તેમ જ્યાં સુધી મારું મન આપના કરુણારસપૂર્ણ, (આનંદરસપૂર્ણ) અત્યંત શીતલ ચરણોમાં પ્રવિષ્ટ (પ્રવેશેલું) રહે છે ત્યાં સુધી હું પણ સુખી રહું છું. તેથી હે નાથ ! મારું મન આપના ચરણ કમળો છોડી અન્ય સ્થળ કે જ્યાં હું દુઃખી થાઉં ત્યાં પ્રવેશ ન કરે એ પ્રાર્થના છે.'** કેટલી આલોચના ! કેવી આલોચના ! અનાકુળ આનંદમૂર્તિ, તેમાંથી ખસી ન જાઉં અને ખસે તો દુઃખરૂપ દશા થઈ જાય છે. માટે તે દુઃખમાં ન આવું અને આપના સમીપમાં રહું એટલે સ્વભાવ સમીપમાં રહું.

**આત્મા ને કર્મની ભિન્નતા :–**

**'૨૩. અર્થ :– હે ભગવન્ ! મારું મન, ઇન્દ્રિયોના સમૂહ દ્વારા બાહ્ય પદાર્થો સાથે સંબંધ કરે છે તેથી નાનાપ્રકારના કર્મો આવી મારા આત્મા સાથે બંધાય છે; પરંતુ વાસ્તવિકપણે હું તે કર્મોથી સદાકાલ સર્વ ક્ષેત્રે જુદો જ છું. તથા તે કર્મો આપના ચૈતન્યથી જુદા જ છે અથવા તો ચૈતન્યથી આ કર્મોને ભિન્ન પાડવામાં આપ જ કારણ છો;...'** સ્વભાવ જ કારણ છે. **'તેથી હે શુદ્ધાત્મન્ ! હે જિનેન્દ્ર ! મારી સ્થિતિ નિશ્ચયપૂર્વક આપમાં જ છે.'** નિશ્ચયપૂર્વક હું વીતરાગ પરિણામમાં જ છું, હું રાગ-બાગમાં છું નહિ.

**ધર્મીની અંતર ભાવના :–**

**'૨૪. અર્થ :– હે આત્મન ! તારે નથી તો લોકથી કામ, નથી તો અન્યના આશ્રયથી કામ; તારે નથી તો દ્રવ્યથી (લક્ષ્મીથી) પ્રયોજન, નથી તો શરીરથી પ્રયોજન,**

**તારે વચન તથા ઇન્દ્રિયોથી પણ કાંઈ કામ નથી. તેમજ (દશ) પ્રાણોથી પણ પ્રયોજન નથી.'** લ્યો ! પાંચ ઇન્દ્રિયનું કામ નથી, ત્રણ બળ, શ્વાસ અને આયુષ્ય. **'અનેક પ્રકારના વિકલ્પોથી પણ કાંઈ કામ નથી. કેમકે તે સર્વ પુદ્ગલ દ્રવ્યના જ પર્યાયો છે.'** લ્યો ! પુણ્ય-પાપના પરિણામ બધા પુદ્ગલના પરિણામ છે. મારા નથી, પ્રભુ ! મારામાં હોય તો નીકળી કેમ જાય ? **'વળી તારાથી ભિન્ન છે તોપણ, બહુ જ ખેદની વાત છે કે તું તેમને પોતાના માની તેમનો આશ્રય કરે છે તેથી શું તું દ્રવ્ય બંધનથી બંધાઈશ નહિ ?'** એનો આશ્રય કરીશ તો બંધાઈશ માટે આશ્રય કરવો નહિ.

**ભેદવિજ્ઞાન દ્વારા આત્મામાંથી વિકારનો નાશ :–**

**'૨૫. અર્થ :– ધર્મદ્રવ્ય,...'** ધર્માસ્તિ એક પદાર્થ છે. **'અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય, કાળદ્રવ્ય–એ ચારે દ્રવ્યો કોઈ પણ પ્રકારે મારું અહિત કરતા નથી; કિન્તુ એ ચારે દ્રવ્યો ગતિ, સ્થિતિ આદિ કાર્યોમાં મને સહકારી છે, તેથી મારા સહાયક થઈને જ રહે છે;...'** પણ એક આ પુદ્ગલદ્રવ્ય **'નોકર્મ, (ત્રણ શરીર, છ પર્યાપ્તિ) અને કર્મ જેનું સ્વરૂપ છે એવું આ સમીપે રહેનાર અને બંધને કરનાર એક પુદ્ગલદ્રવ્ય જ મારું વૈરી છે, તેથી આ સમયે મેં તેના ભેદવિજ્ઞાનરૂપ તલવારથી ખંડ ખંડ ઉડાવી દીધા છે. (ખરો વેરી તો પોતાનો અશુદ્ધભાવ છે).'** એ તો આપણે સુધાર્યું છે. ઇ અશુદ્ધભાવ છે એ વેરી છે, ઇ કર્મ છે એમ કહેવામાં આવે છે.

**રાગ-દ્વેષનો ત્યાગ :–**

**'૨૬. અર્થ :– જીવોના નાના પ્રકારના રાગ-દ્વેષ કરનારા પરિણામોથી જે પ્રમાણે પુદ્ગલ દ્રવ્ય પરિણમે છે તે પ્રમાણે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ–ચાર અમૂર્ત દ્રવ્યો રાગ-દ્વેષ કરનારા પરિણામોથી પરિણમતા નથી, તે રાગ-દ્વેષ દ્વારા પ્રબળ કર્મોની ઉત્પત્તિ થાય છે અને તે કર્મોથી સંસાર ઊભો થાય છે. તેથી સંસારમાં અનેક પ્રકારના દુઃખો ભોગવવા પડે છે. માટે કલ્યાણની ઇચ્છા રાખનાર સજ્જનોએ તે રાગ અને દ્વેષ સર્વથા છોડવા જોઈએ.'** કલ્યાણની ઇચ્છા હોય તો છોડવા એમ કહે છે.

**આનંદ સ્વરૂપ શુદ્ધાત્માનું ધ્યાન અને મનન :–**

**'૨૭. અર્થ :– હે મન ! બાહ્ય તથા તારાથી ભિન્ન જે સ્ત્રી, પુત્ર આદિ પદાર્થો છે તેમનામાં રાગ-દ્વેષસ્વરૂપ અનેક પ્રકારના વિકલ્પો કરી તું શા માટે દુઃખદ અશુભ કર્મો ફોકટ બાંધે છે ? જો તું આનંદરૂપ જળના સમુદ્રમાં શુદ્ધાત્માને પામી તેમાં નિવાસ કરીશ તો તું નિર્વાણરૂપ વિસ્તીર્ણ સુખને અવશ્ય પ્રાપ્ત કરીશ. એટલા માટે, તારે આનંદ સ્વરૂપ શુદ્ધ આત્મામાં જ નિવાસ કરવો જોઈએ અને તેનું જ ધ્યાન અને મનન કરવું જોઈએ.'**

**આત્મા મધ્યસ્થ સાક્ષી છે :–**

**'૨૮. અર્થ :– હે જિનેન્દ્ર ! આપના ચરણકમળની કૃપાથી પૂર્વોક્ત વાતોને સમ્યક્પ્રકારે મનમાં વિચારી જે સમયે આ જીવ શુદ્ધિ માટે અધ્યાત્મરૂપ ત્રાજવામાં પગ મૂકે છે,...'** શુદ્ધ આત્મામાં જ્યાં અંદર જવા માગે છે **'તે જ સમયે, તેને દોષિત બનાવવાનો ભયંકર વૈરી સામા પલ્લામાં હાજર છે. હે ભગવન ! તેવા પ્રસંગે આપ જ મધ્યસ્થ સાક્ષી જો.'** આ રાગ છે ને આ સ્વભાવ છે એનો સાક્ષી જ્ઞાતા-આત્મા છે. એને જાણનાર ભગવાન આત્મા પોતે છે.

**હવે વિકલ્પસ્વરૂપ ધ્યાન તો સંસાર સ્વરૂપ છે અને નિર્વિકલ્પ ધ્યાન મોક્ષસ્વરૂપ છે એમ આચાર્ય દર્શાવે છે :–**

**'૨૯. અર્થ :– દ્વૈત (સવિકલ્પ ધ્યાન) તો વાસ્તવિક રીતે સંસારસ્વરૂપ છે.'** કહે છે કે, આ સવિકલ્પ ગુણી-ગુણના ભેદરૂપ વિકલ્પ પણ સંસારસ્વરૂપ છે. આહા..હા..! ભગવાન આમ ગુણી અને એમાં રહેલા આ ગુણ, એવો ભેદ વિકલ્પ પણ ઉદયભાવ સંસાર છે. વાસ્તવિક રીતે સંસાર સ્વરૂપ જ છે ઇ. **'અને અદ્વૈત (નિર્વિકલ્પ ધ્યાન) મોક્ષસ્વરૂપ છે.'** એકલો ભગવાન જ્ઞાયક સ્વભાવ એનું નિર્વિકલ્પપણે એકાગ્રપણું એ જ મોક્ષ સ્વરૂપ છે. આ બન્ને વ્યાખ્યા (કરી). **'સંસાર ને મોક્ષમાં પ્રાપ્ત થતી અંત (ઉત્કૃષ્ટ) દશાનું આ સંક્ષેપથી કથન છે.'** લ્યો ! સંસાર અને મોક્ષમાં પ્રાપ્ત થતી ઉત્કૃષ્ટ દશાનું આ સંક્ષિપ્ત કથન છે. શુભાશુભ પરિણામ તે સંસાર અને ભગવાનનું નિર્વિકલ્પ ધ્યાન તે મોક્ષસ્વરૂપ. અત્યારે તો

આના જ મોટા ઝઘડા ચાલે છે ને ?

**'જે મનુષ્ય, પૂર્વોક્ત બે માંથી પ્રથમ દ્વૈતપદથી ધીરે ધીરે પાછો હઠી અદ્વૈતપદનું આલંબન...'** અદ્વૈત એટલે આત્મા, હોં ! અદ્વૈત એટલે બધા થઈને એક આત્મા, એમ નહિ. રાગ-દ્વેષથી યુક્ત, વિકાર યુક્ત તે વિકલ્પ અને નિર્વિકારી આત્માનું ... છે. સમજાણું ? **'અદ્વૈતપદનું આલંબન સ્વીકારે છે તે પુરુષ નિશ્ચયનયથી નામરહિત થઈ જાય છે અને તે પુરુષ વ્યવહારનયથી...'** એને એવા ભગવાન આત્માને **'બ્રહ્મા, વિધાતા આદિ નામોથી સંબોધાય છે.'** બ્રહ્મા, વિષ્ણુ બીજી કોઈ ચીજ નથી. ભગવાન આત્માની પૂર્ણ શુદ્ધતાને બ્રહ્મા, વિષ્ણુ આદિ કહેવામાં આવે છે.

**દઢ શ્રદ્ધાની મહિમા :-**

'૩૦. અર્થ :- **હે કેવળજ્ઞાનરૂપ નેત્રોના ધારક જિનેશ્વર ! મોક્ષ પ્રાપ્ત કરવા અર્થે આપે જે ચારિત્રનું વર્ણન કર્યું છે એ ચારિત્ર તો આ વિષમ કલિકાલમાં, (દુષમ પંચમકાળમાં) મારા જેવા મનુષ્ય ઘણી કઠિનતાથી ધારણ કરી શકે તેમ છે. પરંતુ પૂર્વોપાર્જિત પુણ્યોથી આપમાં મારી જે દઢ ભક્તિ છે...'** પુણ્યથી જ ભક્તિ છે એમ નહિ, હોં ! એ તો મારા પુરુષાર્થના સંસ્કારથી મારામાં જે દઢતા છે **'તે ભક્તિ જ, હે જિન ! મને સંસારરૂપ સમુદ્રથી પાર ઉતારવામાં નૌકા સમાન થાઓ.'** મને સંસારસમુદ્રથી આ ભક્તિ જ પાર ઉતારી શકશે. એમ કહીને કહે છે કે, ચારિત્રની જે નિર્મળતા જોઈએ એટલી નથી પણ અમારા ધ્યાનમાં આત્મા પૂર્ણાનંદ છે એવી અમને પ્રતીતિની ભક્તિ નિશ્ચય વર્તે છે, તે જ અમને પૂર્ણાનંદની પ્રાપ્તિનો ઉપાય છે. નૌકા છે, ઇ નૌકા સંસારના સમુદ્રને પાર કરી લેશે.

'ભાવાર્થ :- **કર્મોનો નાશ કર્યા વિના મોક્ષ-પ્રાપ્તિ થઈ શકતી નથી અને કર્મોનો નાશ તો આપ દ્વારા વર્ણિત ચારિત્ર (તપ) થી થાય છે.'** ચારિત્ર એટલે મુનિપણું. **'હે ભગવન્ ! શક્તિના અભાવથી આ પંચમકાળમાં મારા જેવો મનુષ્ય...'** જુઓ ! આચાર્ય મહાસમર્થ છઠ્ઠે ગુણસ્થાને મુનિ છે. **'તે તપ કરી શકતો નથી.'** આહા..હા..! **'તેથી હે પરમાત્મા ! મારી એ પ્રાર્થના છે કે સદ્ભાગ્યે આપમાં મારી જે દઢ ભક્તિ છે તેનાથી મારા કર્મ નષ્ટ થઈ જાઓ અને મને મોક્ષની પ્રાપ્તિ થાઓ.'**

**મોક્ષ પદની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના :-**

'૩૧. અર્થ :- **આ સંસારમાં ભ્રમણ કરી મેં ઇન્દ્રપણું,...'** ઇન્દ્રપણું એટલે આ અહમિન્દ્ર આદિ. મૂળ ઇન્દ્રપણું જે છે ઇ તો અનાદિમાં ન મળે. **'નિગોદપણું અને બન્ને વચ્ચેની અન્ય સમસ્ત પ્રકારની યોનિઓ પણ અનંતવાર પ્રાપ્ત કરી છે. તેથી એ પદવીઓમાંથી કોઈ પણ પદવી મારા માટે અપૂર્વ નથી.'** નવી નથી, અનંતવાર બધી મળી ચુકી છે. **'કિન્તુ મોક્ષપદને આપનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રના ઐક્યની પદવી જે અપૂર્વ છે, તે હજી સુધી મળી નથી. તેથી હે દેવ ! મારી સવિનય પ્રાર્થના છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની પદવી જ પૂર્ણ કરો.'** બસ ! ત્રણ તો છે (હવે) પૂર્ણ કરો. એ અપૂર્વ છે બાકી તો અનંતવાર દેવ દેવીઓ, ઇન્દ્ર મોટો, નવમી ગ્રૈવેયક અહમિન્દ્ર અનંતવાર થયો. એમાં કાંઈ નવીન ને અપૂર્વતા નથી. અબજોપતિ અનંતવાર થયો એ કાંઈ નવીન, અપૂર્વતા નથી. બરાબર હશે ?

શેનું નવીન ? શું મળ્યું ? ધૂળ. અબજોપતિ થયો એ કાંઈ નવીન છે ? અનંતવાર થયો છે.

મુમુક્ષુ : નવીન મળ્યું ....

પૂજ્ય ગુરુદેવશ્રી : શું નવીન મળ્યું ? કાંઈ નવીન મળ્યું નથી, ઇ નું ઇ છે. આત્મા મળે ઇ નવીન છે. આત્માના આનંદની પ્રાપ્તિ અને પૂર્ણાનંદની પ્રાપ્તિ અપૂર્વ અનંતકાળમાં નથી મળી. અપૂર્વ લબ્ધિ એ છે, આ તો બધી ધૂળ છે. અનંતવાર મળી એમ કહે છે. ભવ અનંતવાર થયા. એમાં કાંઈ મારે માટે નવીન નથી.

**મુમુક્ષુની મોક્ષપ્રાપ્તિ માટે દઢતા :-**

'૩૨. અર્થ :- **બાહ્ય (અતિશય આદિ) તથા અભ્યંતર (કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ) લક્ષ્મીથી શોભિત વીરનાથ ભગવાને...'** એમના ગુરુ પણ એ છે ને વીરનાથ ભગવાન. **'પોતાના પ્રસન્નચિત્તથી સર્વોચ્ચ પદવીની પ્રાપ્તિ અર્થે મારા ચિત્તમાં ઉપદેશની જે જમાવટ કરી છે...'** આહા..હા..! તું શુદ્ધાત્મા છો એમ મારા ગુરુએ અને

તીર્થંકરોએ જે અનાદિનું મને કહ્યું છે **'તે ઉપદેશ પાસે ક્ષણમાત્રમાં વિનાશી એવું પૃથ્વીનું રાજ્ય મને પ્રિય નથી.'** શું કહે છે ? કેમકે અમે પંચમ આરાના મુનિ છીએ, ખ્યાલ છે કે અહીંયાંથી રાગથી પુણ્ય બંધાઈને સ્વર્ગમાં જાશું. એનો નિષેધ કરતા જાય છે. છેલ્લી ગાથાઓ છે ને ! પૃથ્વીનું રાજ મને પ્રિય નથી તો પછી સ્વર્ગનો દેવ થાઈશ, ફલાણું થાય એ અમને પ્રિય છે નહિ.

**'તે વાત તો દૂર રહી, પરંતુ પ્રભો ! હે જિનેશ ! તે ઉપદેશ પાસે ત્રણલોકનું રાજ્ય પણ મને પ્રિય નથી.'** સમજાણું કાંઈ ? ત્રણલોકના પૂજનિક તીર્થંકરની, બહારની પદવી મળે એ નહિ, મારે તો કેવળજ્ઞાન ઘન થવું છે. બહારમાં લોકો પૂજે ને માને એવી પુણ્યના ફળની સ્થિતિ હોય એનું મારે કાંઈ કામ નથી. આહા..હા..! મૃત્યુના કાળે છેલ્લે આ રીતે ઝંખના, ઝંખના કરતા ચાલ્યા જાય સ્વર્ગમાં. નકાર, નકાર. પુણ્ય પરિણામનો નકાર, એના ફળનો નકાર, સ્વર્ગનો નકાર (કરે છે).

**'ભાવાર્થ :– યદ્યપિ સંસારમાં પૃથ્વીનું રાજ્ય અને ત્રણે લોકના રાજ્યની પ્રાપ્તિ એક ઉત્તમ વાત ગણાય છે. પરંતુ હે પ્રભો !'** અર્ધલોકના સ્વામી થાય છે ને દેવ. **'વીરનાથ ભગવાને (—વીરનંદી ગુરુએ) પ્રસન્નચિત્તે મને જે ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ પ્રત્યેના પ્રેમ પાસે...'** દેખો ! ઉપદેશમાં કહેલા ભાવના પ્રેમ પાસે. **'આ બંને વાતો મને ઇષ્ટ લાગતી નથી, તેથી હું આવા ઉપદેશનો જ પ્રેમી છું.'** છેલ્લી તેત્રીસ ગાથા. ભાષા તો જુઓ ! એક તો નવમો અધિકાર ને ગાથા તેત્રીસ. એકલી વીતરાગતાનું વર્ણન. આંકડો નવનો અફર અને તેત્રીસ ગાથા. કહે છે કે, આવા સ્વભાવનું લક્ષ કરીને પરમાત્માના સમીપે આવી આલોચના જે કોઈ કરે છે.

**'૩૩. અર્થ :– શ્રદ્ધાથી જેનું શરીર નમ્રીભૂત (નમેલું) છે...'** આહા..હા..! અકડ-ફકડ નથી આમ કાંઈ. આહા..હા..! પ્રભુ ! એમ વિનય છે, પરમાત્મા પાસે નમી ગયો છે. **'એવો જે મનુષ્ય, શ્રી પદ્મનંદિ આચાર્યરચિત આલોચના નામની કૃતિને ત્રણે (પ્રાતઃ મધ્યાહ્ન સયાં) કાલ, શ્રી અર્હંત પ્રભુ સામે ભણે...'** એના જ્ઞાનનો સાક્ષી અંદરમાં રાખીને કહે, જાણે **'તે બુદ્ધિમાન એવા ઉચ્ચ પદને પ્રાપ્ત થાય છે કે જે પદ મોટા મોટા મુનિઓ ચિરકાલપર્યંત...'** બાહ્ય વ્યવહાર લિંગ આદિ. **'તપદ્વારા ઘોર પ્રયત્ને પામી શકે છે.'** એવો પદાર્થ જ્ઞાતા-દૃષ્ટાના ભાવથી પામી શકે છે.

**'ભાવાર્થ :– જે મનુષ્ય (સ્વભાવના ભાન સહિત)...'** જુઓ ! સ્વભાવના ભાન સહિત. **'પ્રાતઃકાલ, મધ્યાહ્નકાલ અને સાયંકાલ – ત્રણે કાળ એ અરિહંત દેવ સામે આલોચનાનો પાઠ કરે છે તે શીઘ્ર મોક્ષ પ્રાપ્ત કરે છે.'** ભગવાન ! પણ પંચમકાળે મોક્ષ નથી ને જ્યાં ત્યાં મોક્ષ મોક્ષની વાતું ! સાંભળને ! આત્મા પરથી છૂટો પડ્યો એ મોક્ષ જ છે એને. હે નાથ ! **'ત્રણે કાલ શ્રી અરહંતદેવ સામે આલોચનાનો પાઠ કરે છે તે શીઘ્ર મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી મોક્ષાભિલાષીઓએ...'** છૂટવાના કામીઓએ, બંધાવાના કામીને અમારો આ ઉપદેશ નથી. છૂટવાના કામીએ **'શ્રી અરહંતદેવ સામે શ્રી પદ્મનંદિ આચાર્ય દ્વારા રચાયેલી આલોચના નામની કૃતિનો પાઠ ત્રણે કાલ અવશ્યમેવ કરવો જોઈએ.'** એટલે કે સવાર, સાંજ આત્મા પરથી ભિન્ન છે એનું ભાન વારંવાર રાખવું, એના ભાન દ્વારા જ એની આલોચના થાય અને એ ભાન દ્વારા જ એની મુક્તિ થાય, બીજો કોઈ એનો ઉપાય નથી.

આ આલોચના–અધ્યાત્મ આલોચના છે. આ અલૌકિક આલોચના સભામાં બત્રીસમી વાર વંચાણી છે. એક વાર સંપ્રદાયમાં વંચાણી, એકત્રીસ વર્ષ આ થયા. આ બત્રીસમી વાર. ભાઈ ! સાંભળી હતી કોઈ દિ' ? વાંચી નથી ? આ અધ્યાત્મ આલોચના, અધ્યાત્મ શબ્દે સર્વજ્ઞ પરમાત્માનો સ્વભાવ (છે) એવો મારો સ્વભાવ (છે) એમ દૃષ્ટિમાં રાખી, સરળપણે નિઃશલ્ય થઈને આવા વિકાર આદિ પરિણામને જોવે, જોવે તેને ટળ્યા વિના રહે નહિ. એનું નામ આલોચના ને પ્રાયશ્ચિત એનું નામ મિચ્છામી દુક્કડ્મ કહેવામાં આવે છે. પેલા કહે, છે ને કે મિચ્છામી દુક્કડ્મ. એ મિચ્છામી દુક્કડ્મ એમ હાથ જોડીને નહિ. આ મારો સ્વભાવ ને આ વિપરીત ભાવ, એનો વિવેક કરીને મિથ્યા એને કરવો, સ્વભાવની એકતા કરવી એનું નામ આલોચના ને પ્રાયશ્ચિત કહેવામાં આવે છે. ૩૩ ગાથા પૂરી થઈ.



# શ્રી પરમાગમસાર, વચનામૃત-૭૭ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૫ (તા.૧૬-૧૦-૧૯૮૨, ભાવનગર)

**'જેને સુખી થવું હોય તેને કહે છે...'** એટલે 'ગુરુદેવ' એ રીતે શરૂઆત કરે છે કે ભાઈ ! તારે સુખી થવું છે ને ! તો સુખી થવા માટે તું જે કાંઈ પ્રયત્ન કરે છો, તેમાં તો તને સુખની પ્રાપ્તિ થતી નથી. જો ખરેખર તારે સુખી થવું હોય તો સુખ અને જ્ઞાનથી ભરેલી જે વસ્તુ છે આત્મા પોતે તારું સ્વરૂપ છે, તેની સન્મુખ તું થા. આ એક જ સુખી થવાનો પ્રકાર છે, બીજો કોઈ સુખી થવાનો પ્રકાર નથી.

('કળશ ટીકા'માં) તેર નંબરનો આ કળશ છે, બહુ સારો કળશ છે. કહે છે ને કે શાસ્ત્ર ભણવાની અટક નથી એ (વાત) આમાં તેર નંબરમાં છે. **'आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या'** એ છે. ('સમયસાર' ની) ચૌદ અને પંદર ગાથાની વચ્ચે છે. ચૌદમી ગાથા પૂરી થયા પછી અને પંદરમી ગાથા શરૂ કરતાં પહેલા આચાર્યદેવે આ કળશ લખ્યો છે.

**आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या**
**ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा।**
**आत्मानमात्मनि निवेश्य सुनिषप्रकम्प-**
**मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात्।।१३।।**

**'निवेश्य'** એટલે પ્રવેશ એવો અર્થ થાય છે. **'नित्यम् समन्तात् अवबोध'** પ્રવિષ્ટ થઈને, **'निवेश्य'** એટલે પ્રવેશ થઈને. પોતે પોતામાં જ પ્રવેશ થઈને. જે આત્માનો અનુભવ છે એ શુદ્ધનયપૂર્વક થાય છે. **'शुद्धनयात्मिका'** કહ્યું ને ? શુદ્ધનયપૂર્વક થાય છે. અર્થાત્ શુદ્ધ વસ્તુ જેવી છે તેવી અનુભવમાં આવે છે તે આત્માનુભૂતિ છે અને આત્માનુભૂતિ છે તે જ નિશ્ચયથી જ્ઞાનાનુભૂતિ છે, એમ જાણીને, એમ સ્વીકારીને શુદ્ધાત્માનો અનુભવ કર અથવા જ્ઞાનનો અનુભવ કર, એમ કહેવામાં આવે છે.

જ્ઞાનનો અનુભવ અને આત્માનો અનુભવ એક જ છે. નામભેદ છે, ભાવભેદ નથી, વસ્તુભેદ નથી, એમ કહેવું છે. **'આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે...'** આત્માનુભવ મોક્ષનો માર્ગ છે એમ સ્થાપ્યું, ત્યાં **'આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે...'** કે જ્ઞાન તો દ્વાદશાંગનું જ્ઞાન તેને પણ જ્ઞાન કહેવામાં આવે છે, એ જ્ઞાન છે ? તે દ્વાદશાંગ જ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે, એમ કોઈ જાણશે, એવો કોઈ સંશય કરશે.

તેને સમાધાન આમ આપે છે કે **'દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.'** વિકલ્પની કક્ષામાં લઈ લીધું. દ્વાદશાંગનું જ્ઞાન પણ વિકલ્પ છે. અને તે વિકલ્પમાં પણ એમ ઉપદેશ છે, તે વિકલ્પમાં પણ એવું ફરમાન છે કે **'શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** એવું ફરમાન છે **'તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાનું કાંઈ અટક (બંધન) નથી.'** અથવા અનુભવીને એણે શાસ્ત્ર વાંચ્યું છે કે નહીં એનું બંધન નથી, અનુભવીને એનું બંધન નથી.

કોઈ વખત 'ગુરુદેવશ્રી'ની સમક્ષ ચર્ચા ચાલતી ત્યારે એ વિચાર આવતો, 'ગુરુદેવશ્રી'એ કાંઈ કહ્યું હોય પછી બહારના કોઈ વિદ્વાન, અખબાર બધા આવે, ધાર્મિક અખબાર એમાં ચર્ચા કાઢે કે 'કાનજીસ્વામી' આમ કહે છે પણ શાસ્ત્રમાં એનો આધાર ક્યાં મળે છે ? એવી કોઈ વાત ચાલતી ત્યારે એ વિચાર આવતો કે અનુભવીને શાસ્ત્રનું બંધન ક્યાં રહે છે ? ત્યારે એમ વિચાર આવતો, હોં ! એમના શ્રીમુખેથી નીકળ્યું

એ જ શાસ્ત્ર છે. જ્ઞાનીના મુખેથી નીકળ્યું તે આગમ જ છે, તે શાસ્ત્ર જ છે. એને પછી શાસ્ત્રનો આધાર જોઈએ, એ વાત કાંઈ ગોતવા જેવી કે એની પાછળ જવા જેવું નથી કે એમણે કહ્યું એનો કાંઈ શાસ્ત્ર આધાર મળે છે ? એ વાત વિચારવા લાયક નથી. કેમકે એ ખુદ આત્મામાંથી નીકળેલી ચીજ એ સ્વયં આગમ જ છે. પછી એને શાસ્ત્રના આધારનું બંધન રહેતું નથી. લખનારને, પૂછનારને ખ્યાલ ન હોય પણ ક્યાંય ને ક્યાંય આધાર મળી રહે અને ન મળે તો પણ તે આગમ જ છે.

'શ્રીમદ્દજી' તો પોતે પત્રમાં લખતાં કે અમે આ કહ્યું છે તે આગમ છે. આગમમાંથી આ વાત મળી રહેશે, કદાચ ન મળે તો અમે કહ્યું છે તે આગમ છે, એમ જ માનજો. એવું ચોખ્ખું લખતા. અને એ વાત એમ જ છે. જેવું એ શ્રુતજ્ઞાનમાં ભાસે છે, એ કેવળજ્ઞાન તુલ્ય ભાસે છે. જેમ કેવળજ્ઞાનમાં જણાય એ અફર છે, ફરતું નથી. એવું અહીંયાં અનુભવસહિતના શ્રુતજ્ઞાનમાં, અનુભૂતિરૂપ શ્રુતજ્ઞાનમાં જે આવ્યું તે કેવલજ્ઞાનતુલ્ય હોય છે.

'શ્રીમદ્દજી'ના વિષયમાં કાંઈક વાત ચાલી હતી ત્યારે 'ગુરુદેવશ્રી'એ એવી વાત કરી હતી. કોઈએ શંકા કરી હતી કે આમ 'શ્રીમદ્દજી' કહે છે કે અમારે હવે એક જ ભવ છે, એકાવતારી છીએ. એમને તો મતિ-શ્રુતજ્ઞાન હતું, અવધિ, મનઃપર્યય કે કેવળ તો નહોતું તો આ વાત કેટલી સાચી માનવી ?

ત્યારે 'ગુરુદેવશ્રી'એ એમ કહ્યું, મારી ઉપસ્થિતિમાં ચર્ચા ચાલી હતી, જેવું કેવળજ્ઞાનમાં આવે એવું જ શ્રુતજ્ઞાનમાં આવે છે. એવી શ્રુતજ્ઞાનની નિર્મળતામાં આવી વાત ભાસે ત્યારે જ આવી વાત જ્ઞાની પોતાને વિશે પ્રસિદ્ધ કરે. કેવળજ્ઞાન જેવું ભાસ્યું હોય ત્યારે એ પ્રસિદ્ધ કરે છે. નહીંતર એ વાતને એ પ્રસિદ્ધ કરતાં નથી. કેમકે કોઈ તો એને ઉલ્ટા દૃષ્ટિકોણથી આત્મશ્લાઘામાં લઈ જાય કે આ તો આત્મપ્રશંસાની વાત છે, પોતાની પ્રશંસા કરવા માટે વાત છે.

જેમ આ જાતિસ્મરણ ને બીજી-ત્રીજી વાતમાં એવો આક્ષેપ આવે છે ને ? એમ. કહે છે કે એવું છે નહીં. આત્મપ્રશંસા જ્ઞાનીને રુચતી નથી અને એ એનો રુચિનો વિષય પણ નથી. આત્મિકગુણ છે એ એનો રુચિનો વિષય છે અને એને તો એ પ્રસિદ્ધ કરી જ રહ્યા છે. અંતર્મુખની સ્વભાવની સ્પર્શના દ્વારા એ ગુણોને તો વ્યક્ત કરી જ રહ્યા છે. પછી એની રુચિમાં પડેલાને એની નિંદા કે પ્રશંસાનો કોઈ પ્રશ્ન રહેતો નથી, એનાથી એ નિરપેક્ષ છે.

શુદ્ધાત્માનુભુતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક નથી એટલે એને કોઈ બંધન નથી. એમ ન કહી શકાય કે ફલાણા જ્ઞાની અનુભવી તો છે પણ એમણે શાસ્ત્ર ક્યાં કાંઈ વાંચ્યા છે અને શાસ્ત્રની ક્યાં કાંઈ ખબર છે એમને. કહે છે કે એ બંધન, એવું Certificate મેળવવાનું જ્ઞાનીને માટે જરૂરી નથી, એમ છે.

મુમુક્ષુ :– 'ટોડરમલજી' તો કહે છે, કે જેની સત્‌ના વિષયમાં ભૂલ નથી તેની બીજા પ્રયોજનના વિષયમાં ભૂલ હોય જ નહીં.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વતત્ત્વમાં ભૂલ નથી. સૂક્ષ્માતિસૂક્ષ્મ એવો જે આત્મસ્વભાવ એ આત્મસ્વભાવને ગ્રહણ કરવા સુધીનું, પોતાપણે પ્રત્યક્ષ, અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનમાં, અનુભૂતિમાં લેવા સુધીનું કાર્ય જેનું થયું એની ભૂલ જોવાનો પ્રશ્ન રહેતો નથી. અને તે ભૂલ કાઢનાર પાછા મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાનીઓ હોય છે. જ્ઞાનીને તો ભૂલ દેખાતી નથી. પણ મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની જીવો ભ્રમણાથી અને વર્તમાન વર્તતા ક્ષયોપશમના મદથી–અભિમાનથી જ્ઞાનીની પણ ભૂલ કાઢે (કે) જુઓ, શાસ્ત્રમાં અહીંયાં લખ્યું છે, તમે જ્ઞાની માનો છો, તે આમ કહે છે. કહે છે કે એ વાત જ્ઞાનીને બંધનરૂપ લાગુ પડતી નથી. જ્ઞાનીને એનું બંધન નથી, જાઓ ! કળશ ટીકાકારે આ વાત કાઢી છે. મૂળમાં એવી વાતો નથી લખી પણ એમણે પોતે પોતાના અનુભવથી અને સ્વતંત્ર પોતાની યોગ્યતાથી (કાઢી છે). આવી વાતો 'કળશ'માંથી કાઢી છે એ તો પોતાની સ્વતંત્ર તૈયારીમાંથી કાઢી છે. એ તેર નંબરના કળશ ઉપરના પ્રવચનોમાંથી આ ૭૭, ૭૮ અને ૭૯ ત્રણ બોલ છે.

કહે છે કે સુખી થવું હોય તો તું શાસ્ત્રનું અધ્યયન કરજે એમ નથી કહ્યું. શાસ્ત્રનું પઠન કરજે, શાસ્ત્ર કંઠસ્થ કરજે, મુખપાઠે કરજે કે તું કોઈ બીજી ક્રિયા કરજે એવું કાંઈ ન કહ્યું. **'જેણે સુખી થવું હોય તેને કહે છે કે શુદ્ધ ચૈતન્યવસ્તુ છે...'** જે આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ છે એ પહેલી સ્થાપવાની વાત છે, આ તો છે. તું માન, ન માન પણ વસ્તુ તો જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપે છે તે છે, છે ને છે જ. **'શુદ્ધચૈતન્યવસ્તુ છે તે સર્વાંગ...'** તેના સર્વ અંગોમાં, સર્વ પ્રદેશોમાં **'જ્ઞાનથી ભરેલી છે...'** આમ લીધું છે. અનંત ગુણથી ભરેલી છે, અનંત સ્વભાવથી ભરેલી છે. છતાં જ્ઞાનાનુભૂતિનો આ કળશ છે એટલે એમ કહે છે કે જ્ઞાનથી ભરેલી છે.

આ જ ગ્રંથમાં એક બોલ ખેંચેલો છે કે સ્વપણે વેદાતું જ્ઞાન તે જ આત્મા છે. પર્યાય છે કે આત્મા છે ? તે જ આત્મા છે. ૭૩૩ નંબર(નો બોલ) છે. **'પરદ્રવ્ય તરફની વૃત્તિ અશુભ હો કે શુભ-તે આત્મા નથી.'** અનાત્મા છે. રાગ ન લીધું. કોઈ પણ ગુણની પર્યાય વર્તતી હોય, ભલે ખુદ જ્ઞાનની પર્યાય વર્તતી હોય પણ પરદ્રવ્ય તરફની તે વર્તમાન વર્તતી વૃત્તિ તે આત્મા નથી. શુભરાગ અને અશુભરાગ તો આત્મા નથી જ પણ બીજા કોઈ ગુણના પરિણામ તે આત્મા નથી.

હવે કહે છે કે **'સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે.'** બહુ સરસ ટુકડો આવ્યો છે. સ્વપણે અનુભવાતું જ્ઞાન, પણ એ તો પર્યાય છે. અનુભવાતું લીધું છે ને ? તો અનુભવમાં તો પર્યાય આવે ને ! **'સ્વપણે અનુભવાતું જ્ઞાન તે જ આત્મા છે.'** જાઓ ! હવે આ જ્ઞાનનો અનુભવ તો સર્વસામાન્યપણે, સર્વ જીવોને થઈ રહ્યો છે, એનું ધ્યાન એના ઉપર નથી એટલે ખબર નથી. જો એનું ધ્યાન જાય અને એ સ્વપણે અનુભવાય તો એને જ આત્મા કહેવામાં આવે છે. એ જ જ્ઞાનાનુભૂતિ છે, એ જ આત્માનુભૂતિ છે અને એને શાસ્ત્રજ્ઞાનનું કોઈ બંધન છે નહીં. શાસ્ત્રજ્ઞાનની લાંબીચોડી તમામ પ્રકારની પરીક્ષામાંથી મુક્તિ. આપણે આ પાઠશાળામાં પહેલો વર્ગ, બીજો વર્ગ, ત્રીજો વર્ગ, એમ વર્ગ અને પછી એની પરીક્ષા લેવામાં આવે છે ને ! એમાં સવાલના જવાબ સાચા હોય તો પાસ થાય અને સવાલના જવાબ સાચા ન હોય તો પાસ ન થાય. અહીં મુક્તિ આપે છે.

**'સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે.'** અને એ આત્માનુભૂતિ તે જ્ઞાનાનુભૂતિ અને જ્ઞાનાનુભૂતિ તે આત્માનુભૂતિ છે. **'આવા જ્ઞાનની સ્વસંવેદનની કળા તે મોક્ષની કળા છે. આત્માના અનુભવની આ કળા તે જ સાચી કળા છે. તેનો વારંવાર અભ્યાસ કરવા જેવું છે.'** અહીંયાં પણ લે છે કે **'દુઃખથી છૂટવું હોય ને સુખી થવું હોય તો પરભાવોથી ભિન્ન આત્માને જાણીને તેનો જ અભ્યાસ...'** તેના જ અનુભવનો **'અભ્યાસ કરવા જેવો છે.'** શાસ્ત્રનો અભ્યાસ કરવા જેવો છે એમ નથી કહેતા. અનુભવનો અભ્યાસ કરવા જેવો છે. શેમાંથી આ લીધું છે ? 'પ્રવચનસાગરના મોતી', 'પ્રવચનસાગરના મોતી, આપણે પ્રવચનસાગર નામનો એક Selectionનો ગ્રંથ બહાર પાડેલો છે ને ! 'પ્રવચનસાગરના મોતી', એમાં 'ગુરુદેવ'ના કેટલાક વચનો ચુંટેલા છે, એમાંથી પસંદ કરેલું છે.

આ વચન બહુ સારું આવ્યું છે કે **'સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે.'** જેને અનુભવની કળાની રીત શીખવી છે, એને માટે આ બહુ સહેલું પડે એવું છે કે જ્ઞાનને સ્વપણે અનુભવવામાં સ્વસંવેદનમાં લેવામાં આવે તો એ આત્મા તેને હાથમાં આવી ગયો અને મોક્ષપ્રાપ્તિની મોક્ષની કળા એના હાથમાં આવી ગઈ. આટલું જ ટૂંકું છે, બહુ ટૂંકું છે, અભેદ છે ને ! ભેદમાં લાંબોલાંબો વિસ્તાર થાય. અભેદમાં ક્યાં વિસ્તાર છે ! અભેદમાં તો અભેદ વેદન છે અને અભેદ વેદન જેટલું તારતમ્યપણે વિકાસ પામે એટલો એ વેદનમાં ને વેદનમાં જ ઊંડો જાય છે. લાંબોપહોળો ઉપયોગ પ્રસરતો નથી પણ અંદર આત્માના સર્વાંગ જે અસંખ્ય પ્રદેશ છે, એમાં ને એમાં જ એ વેદનમાં જ ઊંડો ઉતરે છે, છેક શુક્લધ્યાનની શ્રેણિ સુધી.

કહે છે કે **'શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે સર્વાંગ જ્ઞાનથી ભરેલી છે...'** પ્રદેશે પ્રદેશે અપરિમિત જ્ઞાનસ્વભાવથી

ભરેલી છે. જેનું સામર્થ્ય કેવળજ્ઞાનની એક સમયની પર્યાયથી પણ અનંતગુણ છે, એવા એટલા જ્ઞાનથી ભરેલી છે !! આત્મવસ્તુ, શુદ્ધ ચૈતન્યતત્ત્વ શરીરના સંગમાં રહેલું તત્ત્વ છે, એ આવા જ્ઞાનથી ભરેલી છે, આટલા જ્ઞાનથી ભરેલી છે. **'તેની સન્મુખ થવું...'** જ્ઞાનમાં તેને પ્રત્યક્ષ કરવું **'તે સુખી થવાનો માર્ગ છે,...'** તેની સન્મુખ થતાં સુખનો-આત્મિકસુખનો અનુભવ થાય છે. આ સિવાય જગતમાં કોઈ પ્રાણીને સુખનો અનુભવ જ નથી. કલ્પિત સુખનો અનુભવ હોય તો એ ખરેખર સુખ નથી પણ દુઃખનો અનુભવ છે, માન્યો છે એણે સુખનો અનુભવ.

કહે છે કે, એ સ્વરૂપ સન્મુખ થવું, અનંત ગુણમય સ્વરૂપની સન્મુખ થવું તે સુખી થવાનો માર્ગ છે. તેને ધર્મ કહેવામાં આવે છે, **'તે ધર્મ છે.'** નામ અપેક્ષાએ તેનું 'જૈનધર્મ' એવું નામ પાડવામાં આવ્યું છે. કેમકે તે કાળમાં બીજા વિભાવ અને વિકાર ઉપર તેનો વિજય છે. કોઈ બીજા વિભાવ, વિકારમાં એ ખેંચાતો નથી, વિભાવના પ્રવાહમાંથી બહાર આવીને અનુભવ કરે છે, એ પ્રવાહમાંથી છૂટીને અનુભવ કરે છે એટલે એને જિત્યો, જૈન થયો, જિત્યો એમ કહેવામાં આવે છે.

લીધું ને ? કે સમુદ્રની અંદર તોફાન હોય અને ઊંધી દિશામાં વહાણ મધદરિયે ખેંચાતું હોય, હલેસા મારીમારીને કાંઠે લાવે તો એ તોફાનની સામે જિત્યો કહેવાય. એમ અનાદિના વિભાવથી બહાર નીકળે છે, વિભાવના તોફાનમાંથી બહાર નીકળે છે, સંસારનો દરિયો તરીને પ્રથમ ચોથા ગુણસ્થાને કાંઠે આવે છે ત્યારે એને જૈન કહેવામાં આવે છે. એમ તો કરણલબ્ધિમાં 'જિન' કહ્યા છે. 'ધવલ'કારે તો કરણલબ્ધિમાં 'જિન' કહ્યા છે. ચોથા ગુણસ્થાન પહેલાની નજીકની દશા, એમાં એને 'જિન' કહી દીધા. કેમકે અપૂર્વકરણ કર્યું. કોઈ પહેલાના કાળમાં એવી અપૂર્વ દશામાં જીવ આવ્યો નથી. એવી દશામાં આવે છે. છે અબુદ્ધિપૂર્વકના પરિણામ. સૂક્ષ્મ છે.

**'સર્વાંગ જ્ઞાનથી ભરેલી ચૈતન્યવસ્તુમાં રહેતાં શુદ્ધતા થાય છે...'** એમાં પણ ફરીને લીધું કે સર્વાંગ જ્ઞાનથી ભરેલી, સર્વાંગ જ્ઞાનથી ભરેલી. આ પ્રવચન ચાલે છે જ્ઞાનાનુભૂતિનું એટલે વસ્તુને એમ જોવે છે કે પ્રદેશે પ્રદેશે સર્વાંગ, સર્વ પ્રદેશે જ્ઞાનથી ભરેલી વસ્તુ છે. કેટલું જ્ઞાન ભર્યું છે ? કે જેની હદ નથી એટલું જ્ઞાન ભર્યું છે. એવા જ્ઞાનથી પ્રદેશે પ્રદેશે અનંત... અનંત... અનંત... અનંત... અનંત જ્ઞાનથી ભરેલી વસ્તુ છે. એમાં રહેતાં, એ હું છું, એમ. એમાં રહેતાં એટલે એ હું છું, એમ જ્યાં એમાં પોતે ભાવથી રહ્યો, વસ્તુ તો વસ્તુમાં જ રહેલી છે, પણ એનો ભાવ બીજામાં જતો હતો કે આ શરીર તે હું છું, આ રાગ તે હું છું અને એ સિવાયના સંયોગોમાં એ રહેતો હતો. શું કહે છે ? કે હું તો શરીરમાં રહું છું, હું તો ઘરમાં, બંગલામાં રહું છું, હું મંદિરમાં રહું છું. તો કહે છે, નહીં, સર્વાંગ જ્ઞાનથી ભરેલી જે વસ્તુ છે એમાં રહે. ભાવથી એમાં રહેતાં શુદ્ધતા થાય છે, આમ લીધું છે. એ રીતે સર્વાંગ જ્ઞાનથી ભરેલી વસ્તુમાં રહેતાં. 'રહેતાં'નો આવો અર્થ છે કે પોતાના હોવાપણાનો, પોતાની હયાતીનો અનુભવ થવો, સર્વાંગ જ્ઞાનથી ભરેલી શુદ્ધ ચૈતન્યવસ્તુમાં પોતાની હયાતીનો અનુભવ થવો એને શુદ્ધ ચૈતન્યમાં રહ્યો એમ કહેવામાં આવે છે. અને એમ રહેતાં શુદ્ધતા થાય છે, રાગાદિ મલિનતાનો અભાવ થાય છે, સર્વ પ્રકારની દોષની મલિનતાનો સમ્યક્‌પણે નાશ થાય છે. નાશ થાય છે એમ નહીં, સમ્યક્‌પણે એનો નાશ થાય છે અને સુખ આદિ ગુણોની ઉત્પત્તિ થાય છે.

શુદ્ધ ચૈતન્યમાં રહેતાં શુદ્ધતા થાય છે. **'અને અશુદ્ધતાનો નાશ થાય છે...'** યોગના કંપનરૂપ અશુદ્ધતા તેરમા ગુણસ્થાન સુધી છે. અરિહંત પરમાત્માને સદેહે પરમાત્મદશા વર્તે છે તોપણ યોગના કંપનની અશુદ્ધતા ત્યાં વર્તે છે. તેથી એને અસિદ્ધત્વ કહેવામાં આવ્યું છે. સિદ્ધદશા નથી, અસિદ્ધપણું ત્યાં છે. એ પણ સર્વાંગ જ્ઞાનથી જે ભરેલી વસ્તુ છે તેના અનુભવમાં એનો પણ નાશ થાય છે, એ પ્રકારના અનુભવનો પણ નાશ થાય છે.

**'અશુદ્ધતા નાશ થાય છે તેનું નામ પોતાનું હિત**

**એટલે કે કલ્યાણ છે.'** જે અશુદ્ધતામાં છે તે દોષમાં છે, તે અહિતમાં છે. તેને અકલ્યાણભાવ કહેવામાં આવે છે. દોષમાં જીવને પોતાનું સ્વરૂપ કલ્પાય છે, એક કલ્પના થાય છે કે હું રાગવાળો છું. હું સંસારી છું, ફલાણો છું અને રાગાદિ પ્રકૃતિ, આવી પ્રકૃતિ તે મારો સ્વભાવ છે. તેવાળો છું એવી જે કલ્પના છે, દોષસહિતપણાની, એ જ પરિભ્રમણનું મૂળ છે, ભવભ્રમણનું એ મૂળ છે.

'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં (૧૪ મી ગાથામાં) લીધું છે. રાગાદિથી રહિત હોવા છતાં, સર્વ દોષથી આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યવસ્તુ રહિત હોવા છતાં એને સહિત માનવી તે જ ભવભ્રમણનું કારણ છે, મૂળ છે. એવી વાત લીધી છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' છે અહીંયા ? છે, છે. 'ગુરુદેવશ્રી' આ ગાથાનો બહુ આધાર આપતા. પાછળ છપાવી છે. **'एवमयं' 'એ રીતે આ આત્મા...' 'कर्मकृतैर्भावै'** કર્મોથી કરાયેલા કર્મના નિમિત્તે જેમાં કર્મોની ઝાંય પડી છે એવા **'कर्मकृतैर्भावै' 'રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી...' 'असमाहितोऽपि'** અસંયુક્ત. **'સંયુક્ત ન હોવા છતાં...'** અસંયુક્ત હોવા છતાં પણ **'बालिशानां युक्तः इव'** બાલિશ જીવો છે. મૂર્ખ કહેવા હોય, બાળકબુદ્ધિ કહેવા હોય તેને બાલિશ કહેવામાં આવે છે. એ શબ્દ તો પ્રચલિત છે, હિન્દી-ગુજરાતીમાં 'બાલિશ' શબ્દ તો પ્રચલિત છે. **'बालिशानां युक्तः इव'** બાળક જેવા અજ્ઞાની જીવોને તે સંયુક્ત જેવો **'प्रतिभाति'** પ્રતિભાસે છે, એને લાગે છે. એને એવું લાગે છે, એવું ભાસે છે કે હું રાગમય થઈ ગયો છું. આખેઆખો હું રાગમાં તરબોળ છું, આમ રાગમાં એવી એકાકાર થઈને દશા ઢળે છે કે એને એમ લાગે છે કે બસ ! હું સર્વાંગ રાગમય છું, ક્રોધમય છું, દોષમય છું, એવુ જે ભાસે છે તેવો જે તેનો પ્રતિભાસ છે... **'सः प्रतिभासः खलु'** ખરેખર **'भवबीजं' 'સંસારના બીજરૂપ છે.'** આવો જે દોષનો સ્વપણે અનુભવ, રાગાદિનો સ્વપણે અનુભવ તે ભવના બીજરૂપ છે. નિર્ભેળ ભિન્ન જ્ઞાનનો સ્વપણે અનુભવ તે મોક્ષની કળા છે, તે આત્મા છે. આ ભવબીજની કળા છે અને પેલી મોક્ષની કળા છે. સામેસામે છે.

બહુ પણ સારો ધ્વનિ છે, હોં આમાં ! **'સર્વાંગ જ્ઞાનથી ભરેલી...'** Tone બહુ સારો આવ્યો છે. અનેક પ્રકારની અશુદ્ધતાના પરિણામની જે સ્થિતિ પડે છે, બંધન થાય છે... જેમ કે એક મેળ લખાય ને ! આખો દિવસ વેપાર ચાલે એમાં પૈસા આવે ને જાય, પૈસા આવે ને જાય. જમા ને ઉધાર, જમા ને ઉધાર એમાં Entry પડ્યા જ કરે, પુરાંત Balance અમુક પડી હોય, પછી આવે ને જાય, આવે ને જાય, સાંજે પાછો દુકાન બંધ થાય કે હવે Total - સરવાળો શું આનો, બચ્યું કેટલું ? એમ આખી જિંદગી અંદર આત્મામાં શુભ અને અશુભની Entry પડ્યા કરે છે, પછી જેમ પુરાંત એક વખત આવે એમ આયુષ્ય એક વખત બંધાય, એનો જે Total છે ને ! એ બધી સામીસામી Entry પડીને પછી એક આયુષ્યની Entry પડે છે. નવા ભવનો એને બંધ પડે છે. એ Entry નો નાશ કરે એવા આ પરિણામ છે, એમ કહેવું છે.

ભલે જ્ઞાનીને શુભાશુભ પરિણામ થાય છે પણ એને નવા ભવ થાય એ પ્રકારનું મૂળ એનું કપાઈ ગયું છે. એક-બે થાય છે એને પછી ગણતા નથી. એક, બે, ચાર થાય એને પછી ગણતા નથી. એ તો એને નહીં થવા બરાબર છે, કેમકે એમાં એને સ્વપણું રહ્યું નથી. વર્તમાન ભવમાં સ્વપણું રહ્યું નથી પછી તો કોઈને ભવિષ્યના એક, બે, ત્રણ હોય એમાં પણ એને સ્વપણું તો છે નહીં. અત્યારે નથી તો ભવિષ્યનો તો પ્રશ્ન રહેતો નથી. એટલે એને નથી, એમ ગણવામાં આવે છે. પણ જેને એની સાથે એકત્વની ગ્રંથિ, ગાંઠ છે, એનું કારણ એને પોતાને દોષમાં એકતા છે, દોષનો પક્ષ છે, દોષની એકતા છે તેથી એનું ફળ સંસાર છે અથવા પરિભ્રમણ છે. એ આત્માને મોટામાં મોટું અકલ્યાણનું કારણ ગણવામાં આવે છે. પરિભ્રમણનું જે મૂળ છે, મિથ્યાદર્શનની ગ્રંથિ અથવા રાગાદિ પરભાવ સાથેની એકપણાની ગાંઠ એ મોટામાં મોટું અકલ્યાણ છે.

મુમુક્ષુ :- અશુભભાવનો બંધ તો પડે ને !

પૂજ્ય ભાઈશ્રી :- અશુભભાવનો બંધ અને

શુભભાવનો બંધ. ભાવ કરે ને બંધ નહીં પડવાનું શું કારણ છે ? ભાવે તો બંધાણો. જે પ્રકારનો એને શુભ કે અશુભ રાગ થયો એમાં પોતે હુંપણે તો બંધાણો, ભાવે બંધાણો છે એ જ ભાવબંધ છે, દ્રવ્યબંધ તો એમાં નિમિત્ત તરીકે લાગુ થાય છે. બાકી મૂળ ભાવબંધ તો તે વખતે સ્વયં-પોતે જ ભાવબંધરૂપે પરિણમે છે.

મુમુક્ષુ :- ક્રિયા થાય કે ન થાય ભાવનો જ બંધ છે ને !

પૂજ્ય ભાઈશ્રી :- બહારની મન-વચન-કાયાની ક્રિયા થાય કે ન થાય, મનની ક્રિયા તો થઈ જ જાય છે પણ વચનની કે શરીરની ક્રિયા થાય કે ન થાય પણ બંધ તો એને થાય, થાય ને થાય જ.

પ્રશ્ન :- ઊંઘમાં હોય તોપણ ?

સમાધાન :- ઊંઘમાં સપનામાં ભાવ થાય તોપણ. એ જીવનો ભાવ છે ને ! સ્વપ્નનો ભાવ છે એ જીવનો પરિણામ છે. એનો બંધ થાય, થાય ને થાય. એ જીવનો અશુદ્ધ પરિણામ છે, સપનું છે એ જીવનો અશુદ્ધ પરિણામ છે. એનો પણ એને બંધ થાય છે, આમ છે.

પ્રશ્ન :- બેહોશ કરે ત્યારે ?

સમાધાન :- બેહોશ કરે ત્યારે પણ એ વેદનામાં છે, શરીર તે હું એવી વેદનામાં છે. આ શરીર તે હું છું, એમ એને છે.

પ્રશ્ન :- બંધન ચાલુ જ છે ?

સમાધાન :- બરાબર બંધન ચાલુ છે.

શુદ્ધ ચૈતન્યવસ્તુ, સર્વાંગ જ્ઞાનથી ભરેલી શુદ્ધ ચૈતન્યવસ્તુ, ભાવે એમાં રહેતાં શુદ્ધતા થાય છે અને અશુદ્ધતાનો નાશ થાય છે.

મુમુક્ષુ :- પહેલાના તીર્થંકરોના આયુષ્ય મોટા હતા ?

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્વના કાળમાં તીર્થંકરો અને બીજા મનુષ્યો, મનુષ્યઆયુ જ મોટા હતા. દેવલોકમાં તો એવું છે કે જે તે દેવલોકના સોળ સ્વર્ગના ઉપરના સ્થાન છે ત્યાં એના જ્યાં ત્યાં જે તે આયુષ્ય અનુસાર ઊપજે છે. કોઈ તેત્રીસ સાગરનો સર્વાર્થસિદ્ધિનો દેવ કાંઈ નીચેના દેવલોકમાં ન ઊપજે. એ આયુષ્ય બાંધે એ એના અનુસાર જ એના સ્થાનમાં જાય. ત્યાં જુદા જુદા સ્થાન છે. સોળ સ્વર્ગ અને એની ઉપર પાંચ અનુત્તર વિમાન. નીચેના સ્વર્ગમાં ઓછા આયુષ્ય છે પછી જેમ જેમ ઉપરના સ્વર્ગમાં જાય છે એમ એની આયુષ્યની સ્થિતિ પણ લાંબી હોય છે, એ રીતે છે. જેને જેટલું આયુષ્ય પડે એ અનુસાર એનું સ્થાન પણ ત્યાં નક્કી થાય, એ રીતે છે. એટલે ત્યાં કાળ અનુસાર કોઈ વધઘટનો સવાલ નથી. ત્યાં સ્થાન અનુસાર, સ્થળ અનુસાર આયુષ્ય છે.

એવું જ નારકીમાં છે. ઉપરની નારકીમાં ઓછા આયુષ્યવાળા છે અને નીચેની નારકીમાં વધુ આયુષ્યવાળા જીવો છે. પહેલી નારકી કરતાં બીજી નારકી નીચે છે, એમાં વધારે આયુષ્ય હોય. બીજી કરતાં ત્રીજીમાં પડેલાને વધારે આયુષ્ય લાંબુ હોય. ચોથીમાં એથી લાંબુ, પાંચમીમાં એથી લાંબું, છઠ્ઠીમાં એથી લાંબું, સાતમીમાં તેત્રીસ સાગરનું આયુષ્ય. જેમ ઉત્કૃષ્ટ દેવનું તેત્રીસ સાગરનું આયુષ્ય છે, એમ નીચે સાતમી નારકીનું તેત્રીસ સાગરનું આયુષ્ય છે. ત્યાં પણ સ્થાન અનુસાર આયુષ્ય છે. દેવ અને નારક સામેસામી ગતિ છે. પણ શુભના વિભાગ ઘણા છે, અશુભના સાત પાંસડા છે. સાત નરકના સાત પાંસડા છે. (ઉપર) સોળ સ્વર્ગ અને પાંચ અનુત્તર વિમાન, સોળ ને પાંચ એકવીસ વિભાગ શુભભાવને ભોગવવાના છે. અશુભભાવને ભોગવાના સાત વિભાગ છે. અને તિર્યંચમાં તો કોઈ સંખ્યા નથી એટલા વિભાગ છે, અસંખ્ય વિભાગ તિર્યંચના છે. કેમકે માયાના પરિણામની વિચિત્રતા ઘણી છે.

માયા એવી ચીજ છે, બહુ સહજ ભાવે જીવને થઈ જાય છે, ખબર પડતી નથી. નાનું બાળક હોય અને શેરીમાં તોફાન કરતો હોય અને એને ખબર હોય કે હું બહાર જઈને તોફાન કરું છું એ ઘરે ખબર પડી ને મને વઢશે, એના મા-બાપ, વડિલ કોઈની આંખ જોવે (તો કહે કે) ના, ના હું ક્યાંય નહોતો ગયો, હું તો અહીંયાં જ હતો, એમ કહે. માયા શીખવવી નથી પડતી, સહજપણે એનાથી ફેરફારવાળો જવાબ દઈ દેવાય. જ્યાં એ ગુનામાં પકડાય... સરળતા છે એમાં તો ગુનો કબૂલ

કરવામાં આવે છે કે મારો આ દોષ છે અને એ દોષ હું ચાહતો નથી તેથી એ દોષની પકડ કરવાનો એનો ભાવ રહેતો નથી એને સરળતા કહે છે. એ સરળતાના પરિણામથી દોષ છૂટે છે. અને એ સરળતાના પરિણામથી મનુષ્યપણું મળે છે.

મુખ્ય જે મનુષ્યપણું ઊભું મળ્યું તે સરળતાના પરિણામથી મળ્યું છે અને એ જ મનુષ્યપણામાં વધુ સરળતા થવાની પરિણામની પરિસ્થિતિ છે. જો જીવ વધારે સરળતા કરે તો સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી લે. એટલે સમ્યગ્દર્શન પણ વિશેષ સરળતામાં જ ઉત્પન્ન થતી એક ભૂમિકા છે, આમ છે. કે જે માયાથી વિરુદ્ધ છે. એ માયાથી વિરુદ્ધ છે. એટલે સમ્યગ્દષ્ટિને તિર્યંચનું આયુષ્ય નથી બંધાતું. એટલા અશુદ્ધ પરિણામ ન હોય કે નારકીનું બંધાય, એ તો તીવ્ર અશુભ છે પણ એવા અશુભ નથી કે જેથી એને તિર્યંચનું આયુષ્ય બંધાય. એ બે આયુષ્યનો એને નિષેધ છે, ચારમાંથી બેનો નિષેધ થઈ જાય છે.

મુમુક્ષુ :– મનુષ્યમાં આવ્યા એનો દુરુપયોગ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– મનુષ્યમાં દુરૂપયોગ (થાય છે). એટલે મોટાભાગે તો આ કાળમાં તિર્યંચઆયુને જ જીવો બાંધે છે. જોકે ચારે ગતિના મોટાભાગના જીવો તિર્યંચગતિમાં જાય છે. એમાં સંખ્યા બહુ મોટી છે. તિર્યંચગતિમાં, આખા વિશ્વની અંદર જે અનંત જીવો છે એનો Majority તિર્યંચમાં છે. મત લેવો છે ? Majority થી ! એની Majority તિર્યંચમાં છે, આમ છે. સંખ્યા વધારેમાં વધારે તિર્યંચમાં છે. એથી પછી વધારે આકડામાં સંખ્યા દેવલોકની છે. નારકીનો વારો પછી આવે છે. નારકીમાં ઓછા છે, અને સૌથી ઓછા જીવો મનુષ્યપણે છે, એમ છે. અસંખ્યાત જીવો છે. સંખ્યાત નહીં પણ સંખ્યાથી પાર જઈને અસંખ્યાત જીવો છે.

મુમુક્ષુ :– સિદ્ધભગવાનની સ્તુતિમાં આવે છે ને 'સમાધાન સર્વાંગ...'.

પૂજ્ય ભાઈશ્રી :– સર્વાંગ સમાધાન. સર્વાંગ જ્ઞાનસ્વરૂપ કહો, સર્વાંગ સુખથી ભરેલી વસ્તુ કહો, સર્વાંગ સમાધાન-સમાધિભાવથી ભરેલી વસ્તુ કહો. શુદ્ધ ચારિત્ર કહો કે સમાધિભાવ કહો. ચારિત્રગુણ છે ને ? સર્વાંગ ભરેલો છે. જેમ જ્ઞાનગુણ સર્વાંગ છે, એમ આનંદગુણ સર્વાંગ છે, એમ ચારિત્રગુણ પણ સર્વાંગ છે. અને પ્રત્યેક ગુણનુ સામર્થ્ય અનંત... અનંત... અનંત... અનંત... અનંત... છે. ૭૭ (બોલ પૂરો) થયો.

**ક્ષમાપના**

વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર, સત્પુરુષ પ્રત્યે તથા સર્વ મુમુક્ષુજીવો પ્રત્યે કોઈપણ પ્રકારના અવિનય, અશાતના, વિરાધનાના પરિણામ થયા હોય તે સર્વની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ. (–સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર)

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (સપ્ટેમ્બર–૨૦૧૧નું) શુલ્ક શ્રીમતિ નિલીમાબેન મેહુલભાઈ ગાલા, મુંબઈના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૩૦ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૭-૦૮-૧૯૯૧

''**વર્તમાનમેં હી પરિપૂર્ણ હૂં.**'' ગુરુદેવના પ્રવચનનો સાર મેં એમ લીધો છે કે, વર્તમાનમાં જ હું પરિપૂર્ણ છું. ''**વર્તમાનસે હી દેવાદિક પર....**'' આદિકમાં ત્રણે લઈ લેવા – દેવ, શાસ્ત્ર, ગુરુ. ''**...અથવા ઉનઆશ્રિત રાગ...**'' (એટલે કે) એમના લક્ષે થતો જે શુભરાગ. ''**...કિંચિત્‌માત્ર લાભકા કારણ નહીં.**'' (અર્થાત્) ન તો દેવ, શાસ્ત્ર, ગુરુ મને લાભ કરી દે, ન તો એના તરફનો રાગ પણ મને લાભ કરે. છતાં ''**લાભ માનના હી અલાભ હૈ.**'' (એમાં) મિથ્યાત્વનું નુકસાન છે, એમ કહેવું છે. રાગથી લાભ માનવો કે પરદ્રવ્ય મારું કાંઈ કાર્ય કરશે અને મને લાભ કરશે એમ માનવું, એ મિથ્યાત્વ છે. એ નુકસાન છે.

''**વેદનકે અલાવા અન્ય કોઈ ક્રિયા જીવકી નહીં.**'' (અર્થાત્) જે જ્ઞાનવેદન છે એ જીવનો ગુણ છે, જ્ઞાનગુણ એ જીવનો સ્વભાવ છે (એટલે કે) જ્ઞાન, જ્ઞાનને વેદે તે જીવનો સ્વભાવ છે અને એ સિવાય (બીજી) કોઈ ક્રિયા જીવની નથી. ''**શરીરઆશ્રિત અથવા પરઆશ્રિત આકુલિત વેદનકો,..**'' (અર્થાત્) પરિણમનમાં જે આકુળતાનો અંશ છે તેને, ''**...સમકાલે...**'' (એટલે) તે જ કાળે – વર્તમાનકાળે વર્તતો હોય ત્યારે જ. અહીંયા સમકાળનો અર્થ એ છે. વર્તમાનમાં જ વર્તતું હોય ત્યારે જ, આકુળતાનું વેદન થતું હોય ત્યારે જ, ''**...જ્ઞાનવેદન દ્વારા, ગૌણ કરતે-કરતે નાશ કરના મુમુક્ષુઓંકા ધ્યેય હૈ.**'' આ એક પંક્તિની અંદર એમણે ભેદજ્ઞાનની પ્રક્રિયાનો ચિતાર આપ્યો છે. ચાલુ–વર્તમાન જે પરિણમતી પર્યાય છે, ચાલુ પરિણમી રહી છે એવી જે પર્યાય છે, એમાં જ્ઞાનવેદન પણ છે અને એમાં રાગાદિનું – આકુળતાનું પણ વેદન છે. તો જ્ઞાનવેદનને મુખ્ય કરીને, જ્ઞાનવેદનનો આદર કરીને આકુળિત વેદનને ગૌણ કરવું એટલે નિષેધ કરવો, એ પ્રકારે મુમુક્ષુએ આગળ વધવું જોઈએ. મુમુક્ષુએ પોતાના ધ્યેય પ્રત્યે આ રીતે આ પ્રક્રિયાથી આગળ



વધવું જોઈએ. આ રીત બતાવી, લ્યો ! વિધિ (બતાવી) !

મુમુક્ષુ :- જ્ઞાનીને આવી રીતે ધારા ચાલે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીને આવી રીતે ચાલે છે (અને) મુમુક્ષુએ પણ આ પ્રકારે પ્રયત્ન–પુરુષાર્થ કરવો જોઈએ. વારંવાર પ્રયત્ન કરવો એને પુરુષાર્થનો અભ્યાસ કહેવામાં આવે છે. જેમ વારંવાર વાંચે એને કંઠસ્થ થાય તો એને એમ કહેવાય કે, આમણે બહુ અભ્યાસ કર્યોને એટલે કંઠસ્થ થઈ ગયું. કેમકે વારંવાર વાંચ્યું. એમ વારંવાર પુરુષાર્થ કરવો તે પુરુષાર્થનો અભ્યાસ છે. વારંવાર પ્રયોગ કરવો તે પ્રયોગનો અભ્યાસ છે. પુરુષાર્થ અને પ્રયોગ અવિનાભાવી છે. એ તો આપણે વાત ચાલે જ છે.

મુમુક્ષુ :- વેદનકે અલાવા અન્ય કોઈ ક્રિયા જીવકી નહીં, એમ અહીંયા કહ્યું – પણ આ વેદનની ક્રિયા તો દેખાતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- દેખાતી નથી એટલા માટે કે, જીવ જોવાનો પ્રયત્ન પણ કરતો નથી. (વેદન) છે, (અને) છે છતાં ન દેખાય તો જોવાનો પ્રયત્ન કરવો જોઈએ, બીજું શું થાય ? આ બીજ હોય છે ને બીજ ? આ મુસલમાન લોકો બીજને ખાસ જોવે છે, માને છે બહુ ને ! (એટલે) એ લોકો બીજના દર્શન કરે. સુદી બીજ પાતળી લીટી–લકીર જેવી હોય. એકમ તો ન દેખાય એ બનવા જોગ છે પણ બીજ પણ એવી પાતળી હોય કે ન દેખાય. અને ઉગતી બીજના જ એ દર્શન કરે કેમકે એનો ઉગવાનો સમય પણ સાંજનો છે, એટલે અંધારું થોડું ઓછુ હોય, (એટલે) જલ્દી દેખાય નહીં. એક જણ એમ કહે કે મને દર્શન થાય છે, અને જેને

ન થતાં હોય એને એમ થાય કે, આને દર્શન થાય છે અને આપણને કેમ દર્શન થતાં નથી? પછી એને બરાબર આંગળીથી બતાવે કે, જુઓ ! હું કહું છું, મારી આંગળીની સીધી દિશામાં તમે બરાબર જુઓ. ત્યાં બીજ છે, મને ચોખ્ખી દેખાય છે. તો આંગળી સામે જુએ, પછી આંગળી સામે જોવાનું બંધ કરે અને આકાશ સામે જુએ ત્યારે એને બીજ દેખાય. પણ આંગળી સામે ન જુએ તો આકાશનું તો બહુ મોટું ક્ષેત્ર છે ક્યાંથી દેખાવાનું ? એ આંગળી જે બતાવે છે એ આંગળીની સીધમાં જુએ કે, આમ (આ બાજુ) આંગળી ચીંધી છે એ બાજુ મારે જોવાનું છે, બીજે નથી જોવાનું. બસ ! આ એવું છે. જ્ઞાની કહે છે કે, જ્ઞાનવેદન છે. જ્ઞાનવેદન છે એટલી જ આત્માની ક્રિયા છે. એટલો જ આત્મા છે ! લે ને ! તારો અનુભૂતિસ્વરૂપ આત્મા એટલો જ છે, એમ ગણ તું. 'સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે.' એટલો જ આત્મા છે. (તું એમ કહે છે) મને આત્મા દેખાતો નથી. તો અમે તને આંગળી ચીંધીએ છીએ એ બાજુ જોવાનો પ્રયત્ન કર. આટલી વાત છે. આ સીધી વાત છે. પ્રયાસ કરે અને ન દેખાય, એવું નહીં બને. આ માર્ગની એક સુવિધા એવી છે કે, આ માર્ગમાં જેણે પ્રયત્ન કર્યો એ નિષ્ફળ નથી ગયા. અન્યથા પ્રયત્ન કર્યો હોય તો નિષ્ફળ જાય, એ તો સ્વાભાવિક છે. પણ જેણે સત્ય પ્રયત્ન કર્યો અને એ નિષ્ફળ જાય એવું કોઈ દિવસ બનતું નથી. માટે ભાવના છે એ ફળ્યા વગર રહેતી નથી. એનું કારણ એ છે. ચૌદ બ્રહ્માંડ ફરી જાય (તો પણ) ભાવના ફળ્યા વગર રહે નહીં. ફળે જ ફળે.

મુમુક્ષુ :- જ્ઞાનવેદનનો આવિર્ભાવ કરવો એવું આવે છે ને ! જ્ઞાનવેદનનો આવિર્ભાવ કરવો અને પરવેદનનો તિરોભાવ કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- આવિર્ભાવ કરવો એમ કહો કે એને મુખ્ય કરવું એમ કહો, બન્ને એક જ વાત છે. બાકીનું બધું ગૌણ કરવું. રાગ અને રાગનું વેદન- આકુળતા અને રાગનો વિષય (એ) બધું ગૌણ કરવું અને જ્ઞાનવેદનને મુખ્ય કરવું.

મુમુક્ષુ :- એ વખતે જે ક્રિયા ભજી એ શુદ્ધોપયોગ થયો ? કે લબ્ધમાં થયું ?

પૂજ્ય ભાઈશ્રી :- નિર્વિકલ્પતાના કાળમાં શુદ્ધોપયોગ કહેવાય છે. અને આ શુદ્ધોપયોગનો પ્રયત્ન કહેવાય છે. ભેદજ્ઞાન છે એના ફળમાં શુદ્ધોપયોગ થાય છે. આ ભેદજ્ઞાનનો પ્રયાસ છે.

મુમુક્ષુ :- પંદરમી ગાથા લાગુ પડે એવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, (સમયસારની) પંદરમી ગાથામાં આ વાત કરી છે.

(અહીંયા ચાલતા વિષયમાં શું કહે છે ?) સમકાળે એટલે ચાલતા પરિણમનમાં, આમ કરવું. હવે એ જ્ઞાનવેદન ક્યારે સહજ ઉદય પામશે ? એટલે શુદ્ધોપયોગ ક્યારે થશે ? લ્યો, એ શુદ્ધોપયોગની વાત હવે આવે છે. શુદ્ધોપયોગમાં (આત્મા) વેદાય છે ને !

**"યહ જ્ઞાનવેદન અખંડ ત્રિકાલી અપરિણામી ધ્રુવ અસ્તિત્વમયી સ્વપનેકે અનુભવમેં સહજ હી ઉદય હોતા હૈ."** (અર્થાત્) ત્રિકાળી ધ્રુવમાં પોતાનું અસ્તિત્વ અથવા દૃષ્ટિ સ્થાપે છે, શ્રદ્ધા સ્થાપે છે, શ્રદ્ધા વ્યાપ્ય-વ્યાપકભાવે પ્રસરે છે ત્યારે જ્ઞાનવેદન આપોઆપ ઉદય થાય છે અથવા પ્રગટ થઈ જાય છે. **"રાગસે ભેદ કરતા...."** (સમયસારની) પંદરમી ગાથામાં જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી છે. અહીંયા દૃષ્ટિ પ્રધાનતાથી વાત કરી છે. બસ ! વાત તો એકની એક જ કરી છે. ત્યાં જ્ઞાન પ્રધાનતાથી વાત કરી છે, અહીંયા શ્રદ્ધા પ્રધાનતાથી વાત કરી છે. ત્યાં (સમયસારમાં) અહીંયા હવે શુદ્ધનયથી કહેશે, એમ કરીને વાત લીધી છે. શુદ્ધનયથી કહો કે જ્ઞાનની (પ્રધાનતાથી) કહો, (બન્ને એકાર્થ જ છે).

**"રાગસે ભેદ કરતા..."** એટલે રાગથી છૂટો પડતો. **"...(જ્ઞાન) નિશંકિત નિરાકુલ સુખ વેદનકે સાથ પ્રત્યક્ષ પ્રમાણરૂપ પ્રગટ હોતા હૈ."** આ જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી. જ્યારે એ રાગથી છૂટો પડે છે ત્યારે જ્ઞાન પોતે નિશંકિતપણે થઈ જાય છે. નિશંકતા એ જ્ઞાનનો નિર્દોષતાનો ગુણ છે. શંકા છે એ અવગુણ છે. નિશંકિતપણે નિરાકુલ સુખ વેદનની સાથે... કારણકે નિરાકુળતા પોતાને જ વેદાય છે ને ! (એટલે એમ કહ્યું).

પ્રત્યક્ષ પ્રમાણરૂપે પ્રગટ થાય છે. અતીન્દ્રિય પ્રત્યક્ષરૂપે પોતે પ્રગટ થઈ જાય છે. જ્યાં જ્ઞાને ઇન્દ્રિયનું ઘર છોડી દીધું (એટલે કે) ઘડીક ચક્ષુઇન્દ્રિય, ઘડીક કર્ણેન્દ્રિય એમ જુદી-જુદી ઇન્દ્રિયોમાં જે ઉપયોગ ફરતો હતો, એક જ ઉપયોગ પાંચ ઘરે ઝડપથી ફરતો હતો, તે ઇન્દ્રિયનું ઘર છોડ્યું અને અતીન્દ્રિય થયો એટલે પ્રદેશે-પ્રદેશે વેદન આવવાનું ચાલુ થયું. સર્વ પ્રદેશેથી અખંડ એક આત્માનું, એક ચૈતન્ય અખંડ પિંડનું વેદન આવે છે. તે પ્રત્યક્ષ પ્રમાણરૂપ પ્રગટ થાય છે (તેનો ભાવ છે).

‘‘**વૃદ્ધિ પામતા-પામતા અનંત સુખ વ જ્ઞાનકા લાભ કરતા હૈ.**’’ અને એવું જે વેદન છે એ વૃદ્ધિગત થાય છે અને પૂર્ણ સુખ ને પૂર્ણ જ્ઞાનનો, અનંત સુખ ને અનંત જ્ઞાનનો લાભ (કરે છે), એટલે કે ઉત્પન્ન કરે છે. ‘‘**અપ્રસિદ્ધ અવેદક મુખ્ય અખંડ સ્વભાવમેં શ્રદ્ધાકે સ્વઅસ્તિત્વરૂપમેં પ્રસરતે હી પ્રસિદ્ધ વેદન ગૌણ હોકર એક હી કાલ ત્રિકાલી વ વર્તમાન દોનોં ભાવોંકા અનુભવ હોતા હૈ.**’’ ત્રિકાળી (સ્વભાવ) જે છે તે તો અપ્રસિદ્ધ છે કેમકે શક્તિરૂપ છે. પર્યાયની જેમ તેનો વ્યક્ત ઉત્પાદ્ થતો નથી. એટલે અવ્યક્ત કહો, અપ્રસિદ્ધ કહો (બધું એકાર્થ છે). સમયસારમાં ૪૯ ગાથામાં અવ્યક્તના છ બોલ લીધાં છે ને ! એ ‘‘**અપ્રસિદ્ધ અવેદક...**’’ શક્તિમાં વેદન હોય નહીં, ત્રિકાળીમાં વેદન હોય નહીં, દ્રવ્યસ્વભાવમાં વેદન નથી, પર્યાયમાં વેદન છે. એ તો કાલે થોડી ચર્ચા ચાલી હતી કે, આશ્રય છે તેનું વેદન નથી અને વેદન છે તેનો આશ્રય નથી. પર્યાયમાં વેદન છે તો તેનો આશ્રય નથી. પર્યાયમાં સુખ અને આનંદ વેદાય, સ્વસંવેદન વેદાય પર્યાયમાં પણ તેનો આશ્રય ન લ્યે. જુઓ ! આ જ્ઞાનીની વિચક્ષણતા કહો, વિલક્ષણતા કહો એ આ છે !! કે, વેદે છે પર્યાયને પણ તેનો આશ્રય લેતાં નથી.

**(શેષ અંશ આવતા અંકમાં)**

***(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક)***

જે ચિત્ત વિશેષ એકાગ્રવત્ રહેતું તે ચિત્ત પરમાર્થમાં અસ્થિરવત્ થવાનું કારણ કંઈ પણ જોઈએ. જો પરમાર્થ સંશયનો હેતુ લાગ્યો હોય, તો તેમ બને, અથવા કોઈ તથાવિધ આત્મવીર્ય મંદ થવારૂપ તીવ્ર પ્રારબ્ધોદયના બળથી તેમ થાય. આ બે હેતુથી પરમાર્થવિચાર કરતાં, લખતાં કે કહેતા ચિત્ત અસ્થિરવત્ વર્તે. તેમાં પ્રથમ કહ્યો તે હેતુ વર્તવાનો સંભવ નથી. માત્ર બીજો હેતુ કહ્યો તે સંભવે છે. આત્મવીર્ય મંદ થવારૂપ તીવ્ર પ્રારબ્ધોદય હોવાથી તે હેતુ ટાળવાનો પુરુષાર્થ છતાં કાળક્ષેપ થયા કરે છે; અને તેવા ઉદય સુધી તે અસ્થિરતા ટળવી કઠણ છે; અને તેથી પરમાર્થસ્વરૂપ ચિત્ત વિના તે સંબંધી લખવું, કહેવું એ કલ્પિત જેવું લાગે છે, તોપણ કેટલાક પ્રસંગમાં વિશેષ સ્થિરતા રહે છે. વ્યવહાર સંબંધી કંઈ પણ લખતાં તે અસારભૂત અને સાક્ષાત્ ભ્રાંતિરૂપ લાગવાથી તે સંબંધી જે કંઈ લખવું કે કહેવું તે તુચ્છ છે, આત્માને વિકળતાનો હેતુ છે, અને જે કંઈ લખવું કહેવું છે તે ન કહ્યું હોય તોપણ ચાલી શકે એવું છે, માટે જ્યાં સુધી તેમ વર્તે ત્યાં સુધી તો જરૂર તેમ વર્તવું ઘટે છે; એમ જાણી ઘણી વ્યાવહારિક વાત લખવા, કરવા, કહેવાની ટેવ નીકળી ગઈ છે. માત્ર જે વ્યાપારાદિ વ્યવહારમાં તીવ્ર પ્રારબ્ધોદયે પ્રવૃત્તિ છે ત્યાં કંઈક પ્રવૃત્તિ થાય છે. જોકે તેનું પણ યથાર્થપણું જણાતું નથી.

શ્રી જિન વીતરાગે દ્રવ્ય-ભાવ સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કહી છે; અને તે સંયોગનો વિશ્વાસ પરમજ્ઞાનીને પણ કર્તવ્ય નથી; એવો નિશ્ચળ માર્ગ કહ્યો છે, તે શ્રી જિન વીતરાગના ચરણકમળને વિષે અત્યંત નમ્ર પરિણામથી નમસ્કાર છે.

જે પ્રશ્ન આજના પત્રમાં બીડ્યાં છે તેનો સમાગમે ઉત્તર પૂછશો. દર્પણ, જળ, દીપક, સૂર્ય અને ચક્ષુના સ્વરૂપ પર વિચાર કરશો તો કેવળજ્ઞાનથી પદાર્થનું જે પ્રકાશકપણું થાય છે એમ જિને કહ્યું છે તે સમજવાને કંઈક સાધન થશે.

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :– સાધકની ભૂમિકામાં શુભરાગ આવે તેને સાધક હેયરૂપે જાણે છે તે બરાબર છે. જિજ્ઞાસુની ભૂમિકામાં, આપ કહો છો તેમ, અંદરમાં જ્ઞાયક અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ બંને રહે છે, પણ અમને એમ લાગે છે કે દેવ-ગુરુને જો સાથે રાખવા જઈએ તો અનાદિનો જીવને વ્યવહારનો પક્ષ છે, તેની રુચિ છે, તેથી વ્યવહારની રુચિ થવાની શક્યતા નથી લાગતી ?

સમાધાન :– રુચિવાળા જીવને દેવ-શાસ્ત્ર-ગુરુ વચ્ચે આવ્યા વગર રહેતા નથી. મને મારું સ્વરૂપ કેમ ઓળખાય, ગુરુ મને શું માર્ગ બતાવે છે, ગુરુએ શું કહ્યું છે, એવા વિચારો તેને આવ્યા વગર રહેતા નથી. પણ તેથી તેને વ્યવહારનો પક્ષ આવી જાય છે તેમ નથી. તેને ભાવના રહે છે તેથી ભક્તિ આવ્યા વગર રહેતી નથી. ગુરુ એમ કહે છે કે તું તારા શુદ્ધાત્માને ઓળખ, બધા શુભભાવથી તારો શુદ્ધાત્મા જુદો છે. છતાં જિજ્ઞાસુને શુભભાવ આવ્યા વગર રહેતા નથી, પણ તેમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તે જીવ વ્યવહારથી લાભ માને, તેમાં સર્વસ્વ માને, તેનાથી મને મોક્ષ મળશે તેમ માને તો તેમાં વ્યવહારનો પક્ષ આવે છે. બાકી જે શુભભાવ આવે તેમાં વ્યવહારનો પક્ષ આવતો નથી. શુભભાવ આવે છે તેની સાથે જિજ્ઞાસુની શ્રદ્ધા એવી થઈ જતી નથી કે આ શુભભાવથી મને લાભ છે. જિજ્ઞાસુની શ્રદ્ધા અને રુચિ તેમાં ભેગાં ભળી જતાં નથી.

જિજ્ઞાસુને બુદ્ધિપૂર્વક એવો નિર્ણય હોય છે કે ગુરુએ કહ્યું છે કે તારો શુદ્ધાત્મા વિકલ્પ વગરનું નિર્વિકલ્પ તત્ત્વ છે. શુભભાવ તારું સ્વરૂપ નથી એમ ગુરુએ જે કહ્યું છે તે તેણે વિચારથી દૃઢ કરેલ છે. તેથી શુભભાવ આવે એટલે તેમાં વ્યવહારનો પક્ષ આવીને એવી શ્રદ્ધા થઈ જતી નથી.

શુભભાવથી મને લાભ થાય, દેવ-શાસ્ત્ર-ગુરુ મને લાભ કરી દેશે, તેઓ કરે તેમ થાય, હું મારા પુરુષાર્થથી કાંઈ કરી શકું નહિ એવી જેને માન્યતા નથી તેને વ્યવહારનો પક્ષ આવતો નથી. જેને એવી શ્રદ્ધા છે કે હું મારાથી કરું ત્યારે જ થવાનું છે, છતાં ગુરુ મને ઉપકારરૂપ છે અને ગુરુએ જ મને બધું આપ્યું છે, એવી શુભભાવના આવે છે, પરંતુ તેનાથી વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તેની શ્રદ્ધા તો જુદી જ રહે છે.

યથાર્થ શ્રદ્ધાની વાત તો જુદી છે, તે સહજરૂપે જ્ઞાનીને-ભેદજ્ઞાનીને હોય છે. જિજ્ઞાસુને પણ બુદ્ધિપૂર્વકની જે શ્રદ્ધા છે તે શ્રદ્ધામાં ભૂલ આવતી નથી. ગુરુની ભક્તિ કરે તેમાં શ્રદ્ધાની ભૂલ આવતી નથી, તેમાં વ્યવહારનો પક્ષ આવતો નથી. જિજ્ઞાસુ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે છે; છતાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તેમાં સર્વસ્વ માને ત્યારે વ્યવહારનો પક્ષ આવે છે.

જેને ભેદજ્ઞાન પ્રગટ થયું છે એવા આચાર્યો ધવલાદિ શાસ્ત્રો રચે છે, કોઈ અધ્યાત્મનાં શાસ્ત્રો રચે છે. તો તેમાં પક્ષ આવી જાય છે ? પદ્મનંદી આચાર્ય ભક્તિનાં શાસ્ત્રો રચે છે, તો તેમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી, ત્યાં પણ સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે. જિજ્ઞાસુએ નક્કી કર્યું છે કે આ બધા વિભાવથી છૂટો હું ચૈતન્ય દ્રવ્ય છું, તે ભલે બુદ્ધિથી નક્કી કર્યું છે છતાં તેને ભક્તિના ભાવ આવે અને તે કાર્યમાં જોડાય તેથી કંઈ ભક્તિના કાર્યથી વ્યવહારનો પક્ષ આવી જતો નથી.

**(સ્વાનુભૂતિદર્શન-૨૩૯)**

૫૮૬

ૐ




મુંબઈ, ચૈત્ર વદ ૧૨, રવિ, ૧૯૫૧

વધારે વિચારનું સાધન થવા આ પત્ર લખ્યું છે.

પૂર્ણજ્ઞાની શ્રી ઋષભદેવાદિ પુરુષોને પણ પ્રારબ્ધોદય ભોગવ્યે ક્ષય થયો છે; તો અમ જેવાને તે પ્રારબ્ધોદય ભોગવવો જ પડે એમાં કંઈ સંશય નથી. માત્ર ખેદ એટલો થાય છે કે, અમને આવા પ્રારબ્ધોદયમાં શ્રી ઋષભદેવાદિ જેવી અવિષમતા રહે એટલું બળ નથી; અને તેથી પ્રારબ્ધોદય છતાં વારંવાર તેથી અપરિપક્વ કાળે છૂટવાની કામના થઈ આવે છે, કે જો આ વિષમ પ્રારબ્ધોદયમાં કંઈ પણ ઉપયોગની યથાતથ્યતા ન રહી તો ફરી આત્મસ્થિરતા થતાં વળી અવસર ગવેષવો જોઈશે; અને પશ્ચાત્તાપપૂર્વક દેહ છૂટશે; એવી ચિંતા ઘણી વાર થઈ આવે છે.

આ પ્રારબ્ધોદય મટી નિવૃત્તિકર્મ વેદવારૂપ પ્રારબ્ધનો ઉદય થવા આશય રહ્યા કરે છે, પણ તે તરતમાં એટલે એકથી દોઢ વર્ષમાં થાય એમ તો દેખાતું નથી; અને પળ પળ જવી કઠણ પડે છે. એકથી દોઢ વર્ષ પછી પ્રવૃત્તિકર્મ વેદવારૂપ ઉદય કેવળ પરિક્ષીણ થશે, એમ પણ લાગતું નથી; કંઈક ઉદય વિશેષ મોળો પડશે એમ લાગે છે.

આત્માની કેટલીક અસ્થિરતા રહે છે. ગયા વર્ષનો મોતી સંબંધી વ્યાપાર લગભગ પતવા આવ્યો છે. આ વર્ષનો મોતી સંબંધી વ્યાપાર ગયા વર્ષ કરતા લગભગ બમણો થયો છે. ગયા વર્ષ જેવું તેમાં પરિણામ આવવું કઠણ છે. થોડા દિવસ કરતાં હાલ ઠીક છે; અને આ વર્ષે પણ તેનું ગયા વર્ષ જેવું નહીં તોપણ કંઈક ઠીક પરિણામ આવશે એમ સંભવ રહે છે; પણ ઘણો વખત તેના વિચારમાં વ્યતીત થવા જેવું થાય છે; અને તે માટે શોચ થાય છે, કે આ એક પરિગ્રહની કામનાના બળવાન પ્રવર્તન જેવું થાય છે; તે શમાવવું ઘટે છે; અને કંઈક કરવું પડે એવાં કારણો રહે છે. હવે જેમ તેમ કરી તે પ્રારબ્ધોદય તરત ક્ષય થાય તો સારું એમ મનમાં ઘણી વાર રહ્યા કરે છે.

અત્રે જે આડત તથા મોતી સંબંધી વેપાર છે, તેમાંથી મારાથી છૂટવાનું બને અથવા તેનો ઘણો પ્રસંગ ઓછો થવાનું થાય તેવો કોઈ રસ્તો ધ્યાનમાં આવે તો લખશો; ગમે તો આ વિષે સમાગમમાં વિશેષતાથી જણાવી શકાય તો જણાવશો. આ વાત લક્ષમાં રાખશો.

ત્રણ વર્ષની લગભગથી એવું વર્તાયા કરે છે, કે પરમાર્થ સંબંધી કે વ્યવહાર સંબંધી કંઈ પણ લખતાં કંટાળો આવી જાય છે; અને લખતાં લખતાં કલ્પિત જેવું લાગવાથી વારંવાર અપૂર્ણ છોડી દેવાનું થાય છે. પરમાર્થમાં ચિત્ત જે વખતે એકાગ્રવત્ હોય ત્યારે જો પરમાર્થ સંબંધી લખવાનું અથવા કહેવાનું બને તો તે યથાર્થ કહેવાય, પણ ચિત્ત અસ્થિરવત્ હોય, અને પરમાર્થસંબંધી લખવાનું કે કહેવાનું કરવામાં આવે તો તે ઉદીરણા જેવું થાય, તેમ જ અંતર્વૃત્તિનો યથાતથ્ય તેમાં ઉપયોગ નહીં હોવાથી તે આત્મબુદ્ધિથી લખ્યું કે કહ્યું નહીં હોવાથી કલ્પિતરૂપ કહેવાય; જેથી તથા તેવાં બીજાં કારણોથી પરમાર્થ સંબંધી લખવાનું તથા કહેવાનું ઘણું ઓછું થઈ ગયું છે. આ સ્થળે સહજ પ્રશ્ન થશે, કે ચિત્ત અસ્થિરવત્ થઈ જવાનો હેતુ શો છે ? પરમાર્થમાં

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા-૨૦ ઉપર)**